卐 શ્રી નેમિલાવણ્ય-દક્ષ-સુશીલ ગ્રન્થમાલારત્નમ્-૨૭ 卐

પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિકાયરૂપ



# સ્થાવર જીવની સિદ્ધિ



—: લેખક :—



સ્વ૦ પૂ૦ શાસનસમ્રાટ્-સૂરિચક્રચક્રવર્ત્તિ-તપોગચ્છાધિપતિ શ્રીમદ્-વિજયનેમિસૂરીશ્વરજી મ૦ શ્રી ના પટ્ટાલંકાર વ્યાકરણ વાચસ્પતિ-શાસ્ત્રવિશારદ-કવિરત્ન-સ્વ૦ પૂ૦ શ્રીમદ્વિજયલાવણ્યસૂરીશ્વરજી મ૦ શ્રીના પટ્ટધર વ્યાકરણરત્ન-શાસ્ત્રવિશારદ-કવિદિવાકર પૂ૦ શ્રીમદ્વિજયદક્ષસૂરીશ્વરજી મ૦ શ્રી ના

પટ્ટધર - પ્રખરવક્તા - વિદ્વદ્રત્ન - લેખપટુ

પન્યાસ પ્રવર શ્રી સુશીલવિજયજી ગણિવર્ય.

श्री नेमिलावण्य-दक्ष-सुशील ग्रन्थमालारत्नम्-२७

પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિકાયરૂપ



# સ્થાવર જીવની સિદ્ધિ



—: લેખક :—


સ્વ૦ પૂ૦ શાસનસમ્રાટ્-સૂરિચક્રચક્રવર્ત્તિ-તપોગચ્છાધિપતિ **શ્રીમદ્-વિજયનેમિસૂરીશ્વરજી** મ૦ શ્રી ના પટ્ટાલંકાર વ્યાકરણ વાચસ્પતિ-શાસ્ત્રવિશારદ-કવિરત્ન-સ્વ૦ પૂ૦ **શ્રીમદ્‌વિજયલાવણ્યસૂરીશ્વરજી** મ૦ શ્રીના પટ્ટધર વ્યાકરણરત્ન-શાસ્ત્રવિશારદ-કવિદિવાકર પૂ૦ **શ્રીમદ્‌વિજયદક્ષસૂરીશ્વરજી** મ૦ શ્રી ના

પટ્ટધર - પ્રખરવક્તા - વિદ્વદ્‌રત્ન - લેખપટુ

**પન્યાસ પ્રવર શ્રી સુશીલવિજયજી ગણિવર્ય.**

—: પ્રકાશક :—

'શ્રી જ્ઞાનોપાસક સમિતિ'ના કાર્યવાહક
બગડીઆ હર્ષદરારાય દીપચંદ, બોટાદ, ગુજરાત-સૌરાષ્ટ્ર.

## સહાયક-નામાવલિ

૨૫૦) રૂપિયા શા. ન્યાલચંદજી નથમલજી,
સાદડી, મારવાડ.

૧૦૧) ,, શા. મોહનલાલ ચંદનમલજી,
સાદડી, મારવાડ.

૧૦૦) ,, શા મોહનલાલ વાઘમલજી,
સાદડી, મારવાડ.

૫૧) ,, શા ઓકચંદજી સંતોકચંદજી પાંલરેચા,
સાદડી મારવાડ.

૫૧) ,, શા લાલચંદજી સરદારમલજી તેલીસરા,
સાદડી, મારવાડ.

વીર સં. ૨૪૯૧ ] નેમિ સં. ૧૬ [ વિક્રમ સં. ૨૦૨૧

નકલ-૧૦૦૦ 卐 પ્રથમાવૃત્તિ 卐 મૂલ્ય ૧-૦-૦

પ્રાપ્તિ-સ્થાન

[૧]
શ્રી વિજયલાવણ્યસૂરીશ્વર
જ્ઞાનમંદિર,
બોટાદ, ગુજરાત-સૌરાષ્ટ્ર.

[૨]
સરસ્વતી પુસ્તક ભંડાર
ઠે. રતનપોળ, હાથીખાના,
મુ. રાજનગર-અમદાવાદ,
ગુજરાત,

शासनसम्राट् सूरिचक्रचक्रवर्ति-तपोगच्छाधिपति-बालब्रह्मचारी
सर्वतंत्रस्वतंत्र तीर्थोद्धारक - पूज्यपाद - आचार्यमहाराजाधिराज



श्रीमद् विजयनेमिसूरीश्वरजी महाराजसाहेब ।

સ્વ. શાસનસમ્રાટ્‌ના-પટ્ટાલંકાર-વ્યાકરણવાચસ્પતિ-કવિરત્ન-
શાસ્ત્રવિશારદ-સાતલાખશ્લોકપ્રમાણ સંસ્કૃતસાહિત્યના સર્જક



पूज्य आचार्यश्रीमद् विजयलावण्यसूरिश्वरजी महाराज ।

# પ્રકાશકીય નિવેદન

વિશ્વનાના સમસ્ત જીવો પૈકી 'સ્થાવર જીવની સિદ્ધિ' એ નામની આ પુસ્તિકા સાનંદ પ્રકાશિત કરવામાં આવે છે. તેના લેખક અનેક ગ્રંથકર્ત્તા–પ્રખરવક્તા–વિદ્વદ્રત્ન–લેખપટુ–બાલબ્રહ્મચારી પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી સુશીલવિજયજી મહારાજ સાહેબ છે.

તેઓશ્રીએ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં જીવની સિદ્ધિ સંક્ષેપમાં પણ સુંદર રીતે સરળ ભાષામાં ઓળખી છે.

વાંચક મહાશયો તેને મનન પૂર્વક વાંચી અને વિચારી, એ એકેન્દ્રિય સ્થાવર જીવોની હિંસાથી બચવા પ્રયત્નશીલ બને, અને જયણુો ઉપયોગ પૂર્વક હિંસાજન્ય પાપપ્રવૃત્તિ ઓછી થાય એ સર્વદા વર્તે.

પૂ. પંન્યાસજી મ૦ શ્રી એ રચેલ લોકભોગ્ય વિપુલ સાહિત્યમાં આ 'સ્થાવર જીવની સિદ્ધિ'ની પુસ્તિકા ઉમેરાય છે એ આનંદનો વિષય છે. એનો સૌ કોઈ લાભ લે અને સ્થાવર

જીવોની હિંસાથી બચે એ ઉદ્દેશથી પૂ. પંન્યાસજી મ૦ શ્રીએ લખી છે અને અમે પ્રગટ કરી છે. પૂ. પંન્યાસજી મહારાજ શ્રીએ આ પુસ્તિકા પ્રકાશિત કરવા અમને આપી તે બદલ અમે તેમનો વંદના પૂર્વક આભાર માનીએ છીએ. ભવિષ્યમાં પણ અમોને તેઓશ્રી વિપુલ સાહિત્ય પ્રકાશિત કરવાનો લાભ આપે એમ અમો સહર્ષ ઇચ્છીએ છીએ.

પ્રાંતે પ્રુફ સંશોધક પંડિત કપુરચંદ રણછોડદાસ વારૈયાનો, દ્રવ્ય સહાયકોનો અને મુદ્રક હીરાલાલ દેવચંદ શેઠનો પણ આભાર માનીએ છીયે.



વ્યાકરણરત્ન–શાસ્ત્રવિશારદ–કવિદિવાકર–દેશનાદક્ષ–બાલબ્રહ્મચારી
**પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજયદક્ષસૂરિશ્વરજી**
**મહારાજ.**



અનેકગ્રંથપ્રણેતા–પ્રખરવક્તા–વિદ્વરત્ન–લેખપટુ–બાલબ્રહ્મચારી
**પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી સુશીલવિજયજી ગણિવર્ય.**

## વિ૦ સં૦ ૨૦૨૦ માં
## પૂ૦ પં૦ શ્રી સુશીલવિજયજી મ૦શ્રીની
## શુભનિશ્રામાં થયેલ ધાર્મિક કાર્યોની નોંધ.

પરમ શાસન પ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી મ૦શ્રીના સ્વર્ગવાસ નિમિત્તે—

(૧) ખિમાડામાં—શાન્તિસ્નાત્ર યુક્ત અષ્ટાહ્નિકા—મહોત્સવ. એ પ્રસંગે પૂ. આ. શ્રી જિનેન્દ્રસૂરિજી મ૦ આદિની હાજરી.

(૨) જાવાલમાં— શાન્તિસ્નાત્ર યુક્ત અષ્ટાહ્નિકા મહોત્સવ. એ પ્રસંગે પૂ. આ. શ્રી જિનેન્દ્રસૂરીજી મ૦ની તથા પૂ. પં. શ્રી રાજેન્દ્રવિજયજી મ૦ આદિની હાજરી.

(૩) વરાડામાં— અષ્ટાહ્નિકા મહોત્સવ.

(૪) કોશેલાવમાં—શ્રી સિદ્ધચક્રમહાપૂજન યુક્ત અષ્ટાહ્નિકા મહોત્સવ. શ્રી જૈન પાઠશાળાનો ઈનામી મેળાવડો. પૂ. પંન્યાસજી મ૦શ્રીના સદુપદેશથી શા. ફતેચંદ મેઘરાજજીએ

-ચાતિનોરાના મુકામ પર વર્ધમાન તપને।
એક હાલ બંધાવવા માટે દશ હજાર ને
એક (૦૦૮૧)માં લીધેલો આદેશ.

(૫) શ્રી રાણુકપુરજી મહાતીર્થની પંચતીર્થી યાત્રા નિમિત્તે પૂ. મુ. શ્રી વલ્લભદત્તવિજયજી મ૦ શ્રીના સદુપદેશથી, પૂ. પંન્યાસજી મ૦શ્રીની શુભનિશ્રામાં બિજોવાથી નીકળેલ છરી પાળતો સંઘ. પ્રત્યેક સ્થળે ભવ્ય સ્વાગત, જાહેર વ્યાખ્યાન અને પૂજા-પ્રભાવનાદિ. નાડોલમાં-પૂ. આ. શ્રી વિજયવિકાશચંદ્રસૂરિ મ. આદિનું, નારલાઇમાં-પૂ. પં. શ્રી રુપવિજયજી મ૦ તથા પૂ. મુ. શ્રી ભાનુવિ. મ. શ્રીનું,

સુમેરમાં-પૂ. પં. શ્રી હેમન્તવિજયજી મ. આદિનું, ઘાણેરાવમાં-પૂ. પ્રવર્તક શ્રી ગુમાનવિ. તથા પૂ. મુ. શ્રી ભવ્યાનંદવિ. મ૦આદિનું અને સાદડીમાં-પૂ. મુ. શ્રી વિશારદવિજયજી મ૦આદિનું થયેલ યોગ્ય સંમિલન. શ્રી રાણુકપુરજી મહાતીર્થમાં-અક્ષય તૃતીયાના દિવસે એક સાધ્વીજીએ કરેલ વર્ષીતપનું પારણું. તે નિમિત્તે ૯૯ અભિષેકની પૂજા. વિજોવાના આગેવાન એક સદ્‌ગ્રહસ્થ દમ્પતિએ ઉચ્ચારેલ ચતુર્થ-બ્રહ્મચર્ય વ્રત. મૂળનાયક શ્રી ઋષભદેવ પ્રભુને ઈક્ષુરસના પ્રક્ષાલનનું એક હજાર ને એક મણ (૧૦૦૧) ઘીની અભૂતપૂર્વ ઉછામણી બોલીને સાદડી નિવાસી શા ધનરાજજીએ લીધેલો લાભ.

(૬) **તખતગઢમાં—શા. બાબુલાલ નરસિંગજી તરફથી** વીશસ્થાનક તપ-ઉદ્યાપન, શાન્તિસ્નાત્ર યુક્ત અષ્ટાહ્નિકા મહોત્સવ તથા સ્વામીવાત્સલ્ય. પૂ. મુ. શ્રી સત્યવિજયજી મ૦શ્રીનું થયેલ સંમિલન.

(૭) **ગુડાબાલોતરામાં**– શ્રી ઋષભદેવ પ્રભુના મંદિરમાં આવેલ દાદા વાડીમાં **શા. રાજમલજી કેશરીમલજી** તરફથી તૈયાર થયેલ નૂતન દેવકુલિકામાં **શ્રી ઋષભ જિન ચરણ પાદુકાની પ્રતિષ્ઠા,** ૧૭૦ તીર્થંકર પ્રભુના વિશાલકાય પટ્ટનો અને શ્રી સિદ્ધાચલજી મહાતીર્થ આદિ અનેક ચિત્રપટ્ટોના અઢાર અભિષેક, તથા શા. રાજમલજી કેશરીમલજી તરફથી શાન્તિસ્નાત્ર યુક્ત અષ્ટાહ્નિકા મહોત્સવ. તૈયાર થયેલ નૂતન ઉપાશ્રયનું ઉદ્ઘાટન અને તેમાં પ્રતિદિન વ્યાખ્યાન તથા અનેક ભાઈ–બ્હેનોએ બ્રહ્મચર્યવ્રત તથા જ્ઞાનપંચમી–વીશસ્થાનક–પોષ દશમી–મૌન એકાદશી–રોહિણી–વર્ધમાન તપ વિગેરે ભવ્ય સમવસરણ સમક્ષ વિધિપૂર્વક ઉચ્ચારેલ. પ્રતિષ્ઠામાં થયેલ રૂપિયા અઢાર હજારની આવક.

ઉપરોક્ત ધાર્મિક કાર્યો શાસન પ્રભાવના પૂર્વક નિર્વિઘ્ન પૂર્ણ કર્યા બાદ, પૂ. પંન્યાસજી મ૦શ્રીએ સાદડી તરફ કરેલો વિહાર.

તખતગઢ, ખીમાડા, સાંડેરાવ અને ફાલના થઈ વાલી પધાર્યા. ત્યાં પૂ. મુ. શ્રી ખાંતિવિજયજી મ૦શ્રીનું સંમિલન

થયું. ત્યાં થોડા દિવસ રોકાઈ, જેઠ વદ ત્રીજના કોટ પધાર્યા. ત્યાં પૂ. મુ. શ્રી વલ્લભદત્તવિજયજી (ફક્કડ) મ૦શ્રી આદિનું સંમિલન થયું. ત્યાંથી જેઠ વદ ચોથના મુંડારા પધાર્યા. ત્યાં પૂ. મુ. શ્રી જિતેન્દ્રવિજયજી મ૦ આદિનું સંમિલન થયું. દીક્ષાર્થી શા. ગણેશમલજી તરફથી ચાલતા અઠ્ઠાઈ મહોત્સવમાં દરમ્યાન રોકાવવા માટે, વ્યાખ્યાનમાં પૂ. મુ. શ્રી જિતેન્દ્રવિજયજી મ૦ આદિએ તથા શ્રી સંઘે અને દીક્ષાર્થી શા. ગણેશમલજીએ વિનંતિ પૂર્વક અતિ આગ્રહ કર્યો, પણ સાદડીમાં જેઠ વદ છઠના ચાતુર્માસ પ્રવેશ કરવાનો હોવાથી, પૂ. પંન્યાસજી મ૦શ્રી આદિએ સાંજના પાંચ વાગે વિહાર કરી, સાદડીમાં બહાર આવેલ બોર્ડીંગમાં પધાર્યા. ત્યાંથી જેઠ વદ પાંચમના દિવસે શ્રી રાણકપુરજી મહાતીર્થની યાત્રાર્થે પધાર્યા.

॥ सादडीनगरमण्डन श्रीचिन्तामणी पार्श्वनाथाय नमः ॥

—શાસનપ્રભાવક—

પૂ. પંન્યાસપ્રવર શ્રી સુશીલવિજયજી મ.શ્રીએ વિક્રમ સં. ૨૦૨૦ની સાલમાં સાદડી નગરમાં કરેલ ચિર–સ્મરણીય ચાતુર્માસનું સંક્ષિપ્ત વર્ણન.

રાજસ્થાનના મરુધર પ્રદેશમાં આવેલ સુપ્રસિદ્ધ શ્રી રાણકપુરજી મહાતીર્થ નિકટવર્તી સાદડી નગરનું સ્થાન અનોખું છે. ગોળવાડનું એ કેન્દ્ર છે. જૈનોના ૧૦૦૦ ઘરની વસ્તિવાળું સમૃદ્ધશાળી એ ક્ષેત્ર છે.

## ચાતુર્માસ પ્રવેશ

ગુજરાતમાં આવેલ કપડવંજ અને ઉંઝા તથા મારવાડમાં આવેલ જાવાલ–વીજોવા–તખતગઢ–ગુડા બાલોતરા આદિ અનેક ક્ષેત્રોની વિનંતી હોવા છતાં પણ સ્વ. પરમ શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય લાવણ્યસૂરીશ્વરજી મહારાજશ્રીજીની પોતાની દીક્ષા ભૂમિ સાદડી ક્ષેત્રમાં ચાતુર્માસ કરવાની પૂર્ણ ભાવના હોવાથી, પૂ. પંન્યાસપ્રવર શ્રી સુશીલવિજયજી મહારાજશ્રીએ પણ સાદડી શ્રી સંઘની સાગ્રહ વિનંતીનો વૈશાખ શુદ ત્રીજના દિવસે શ્રી રાણકપુરજી મહાતીર્થમાં સ્વીકાર કરી, તખતગઢમાં ઉદ્યાપન મહોત્સવ અને ગુડાબાલોતરામાં પ્રતિષ્ઠા મહોત્સવનું માંગલિક કાર્ય શાસન પ્રભાવના પૂર્વક પતાવી, વિહાર દ્વારા શ્રી રાણકપુરજી મહાતીર્થની યાત્રા

કરી, જેઠ (અષાડ) વદ છઠ્ઠને બુધવારના દિવસે સુંદર સ્વાગત સહિત સાદડી નગરમાં ચતુર્માસ પ્રવેશ કર્યો.

સામૈયા સહિત સાદડીનગરમાં ફરી, સાદડીનગર મંડન શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુના મંદિરે દર્શનાદિ કરી, શ્રી જૈન શ્વેતાંબર મંદિર માર્ગી ન્યાતી નોરામાં પ્રવેશ થતાં જ મેઘરાજાએ પણ વરસાદનાં બિન્દુઓ વરસાવ્યાં. પૂ. પંન્યાસપ્રવર શ્રી સુશીલવિજયજી મ., પૂ. પંન્યાસ શ્રી ચંદનવિજયજી મ., પૂ. મુ. શ્રી જિતેન્દ્રવિજયજી મ., પૂ૦ મુ૦ શ્રી મનોહરવિજયજી મ૦, પૂ. મુ૦ શ્રી રત્નશેખરવિજયજી મ૦, પૂ૦ મુ૦ શ્રી અભયશેખરવિજયજી મ૦ તથા પૂ૦ મુ૦ શ્રી પ્રમોદવિજયજી મ૦ પાટ ઉપર બિરાજ્યા. ભરચક માનવ મેદની સમક્ષ કવિશ્રી હસ્તિમલજી ખીમરાજજીએ **સ્વાગત** ગીત નીચે પ્રમાણે સાજ સહિત ગાયું.

## સ્વાગીત–ગીત

[ तर्ज—वारिजाउं रे सांवरिया तौंपे वारना रे.... ]

गुरुवर सुशीलविजयजी, सादडीनगर पधारिया रे ॥ टेक ॥
सूरिलावण्यके आप सितारे, दक्षसूरिके अनुजदुधारे ।
सादडी संघकी विनती, आप स्वीकारीया रे ॥ १ ॥

सूरीलावण्यकी थी अभिलाषा, चौमासा सादडीकी आशा ।
दैवकोपसे गुरुवर, स्वर्ग सिधाविया रे ॥ २ ॥

पूज्य गुरुकी आज्ञा मानी, सादडी संघको हृदये ठावी ।
स्वर्गीय गुरुकी आज्ञा-, को सिर धारिया रे ॥ ३ ॥

पूज्य गणि पद धारण करता, ज्ञान दरश अरु चरण धरंता ।
साथ मनोहर आदि, मुनिगण आविया रे ॥ ४ ॥

शान्त नयन मुख चंद सरुपा, ब्रह्मचारी जिनशासन रूपा
आगम वाणी वचन, सुधा वरसावीया रे ॥ ६ ॥
नेमि गगनमें सुशील सोहे, म्हाँरे मन मानसमें मोहे ।
हस्ती श्री गुरु चरणे, शीर्ष झुकाविया रे ॥ ६ ॥

ત્યાર પછી **પ્રખરવક્તા પૂ. પંન્યાસપ્રવર શ્રી સુશીલવિજયજી મ. જીએ** મધુર મંગલાચરણ પૂર્વક મંગલ પ્રવચન **સુંદર** કર્યું. શ્રીસંઘ આનંદ અને ઉત્સાહભેર **શા. ચંદનમલ કસ્તૂરચંદજી** અને **શા. મોહનલાલજી વાઘમલજી પંડ્યા** તરફથી થયેલ પતાસાની પ્રભાવના લઇ સ્વસ્થાને ગયો.

પ્રતિદિન વિશાલકાય જનતા પૂ. પંન્યાસજી મ.શ્રીના સુંદર પ્રવચનનો અપૂર્વલાભ લેવા લાગી.

## પંચકલ્યાણકની પૂજા

વિ.સં. ૧૯૭૨ની સાલમાં અશાડ શુદ પાંચમને દિવસે સ્વ. શાસનસમ્રાટ પરમપૂજ્ય **આચાર્ય મહારાજાધિરાજ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મ. શ્રીના** વરદ હસ્તે સ્વ. **પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલાવણ્યસુરીશ્વરજી** મ.શ્રીની **દીક્ષા** આજ સાદડીનગરમાં થયેલ હોવાથી, તેની સ્મૃતિરુપે અશાડ શુદ પાંચમે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુના મંદિરમાં **પંચકલ્યાણકની પુજા** ભાવુકો તરફથી ભણાવવામાં આવી.

## પૂ. શ્રી વિપાકસૂત્ર અને સમરાદિત્ય કેવલી ચરિત્રનો પ્રારંભ

અશાડ (શ્રાવણ) વદ બીજને રવિવારના દિવસે વ્યાખ્યાનમાં વિશાલકાય જનતાની સમક્ષ **શા. ફુલચંદજી હેમરાજમલજીએ** દાદ-

અંગી પૈકી અગીયારમું અંગ પૂજ્યશ્રી વિપાકસુત્ર અને શા. હીરાચંદજી પુનમચંદજીએ પૂજ્યશ્રી વિપાકસુત્ર ઉછામણી બોલી પૂ. પંન્યાસજી મ.શ્રીને આપ્યું. જુદા જુદા ભાઇઓએ ઉછામણી બોલવા પૂર્વક ક્રમશઃ પાંચજ્ઞાન પૂજા તથા શ્રીસંઘે જ્ઞાન પૂજા કરી. ત્યારબાદ દુઃખ અને સુખના વિપાકના વર્ણનવાળું શ્રી વિપાક-સૂત્ર શરૂ કરાયું. ભાવના ધિકારે વૈરાગ્ય ભાવવાહી શ્રી સમરાદિત્ય કેવલી ચરિત્ર પણ શરૂ કરાયું. વ્યાખ્યાનમાં પ્રતિદિન દીપક, ધૂપ અને શ્રીફળ યુક્ત ગહુંલી શ્રીસંઘ તરફથી રાખવામાં આવતાં પ્રતિદિન વિશાલકાય જનતા પૂ. પંન્યાસજી મ.શ્રીના અનુપમ વ્યાખ્યાનનો અભૂતપૂર્વ લાભ લેવા લાગી.

## વિવિધ તપોની આરાધના

ચાતુર્માસ દરમ્યાન તપસ્વી પૂ૦ પંન્યાસ શ્રી ચંદનવિજયજી મ૦શ્રીએ વર્ધમાન તપની ૩૬ અને ૩૭ મી ઓળી, કુમારશ્રમણ પૂ૦ મુનિશ્રી રત્નશેખરવિજયજીએ વર્ધમાન તપની ૮મી ઓળી, પૂ૦ બાલમુનિશ્રી અભયશેખરવિજયજી તથા પૂ૦ નૂતન-મુનિશ્રી પ્રમોદવિજયજીએ વર્ધમાન તપનો પાયો નાખી પ્રારંભિક પાંચ ઓળીઓ કરી.

સાધ્વી સમુદાયમાં પૂ૦ સાધ્વીશ્રીજી સૌમ્યલતાશ્રીજીએ અખંડ ૮૧ આયંબિલ કર્યાં. શ્રાવક-શ્રાવિકા વર્ગમાં પણ વર્ધમાન તપની ઓળી કરવામાં પચાસ ઉપરાંત જોડાયા, તદુપરાંત ચતુર્વિધ સંઘમાં શ્રી નમસ્કાર મહામંત્ર તપ, પંચરંગી તપ, અષ્ટ-મહાસિદ્ધિ તપ, અક્ષયનિધિતપ અને શ્રી શંખેશ્વર પાર્શ્વ-નાથના અઠ્ઠમ આદિ અનેક તપોની અનુપમ આરાધના થઈ.

## દશહજાર સુકૃતમાં ખરચવાની જાહેરાત

**શા૦ શોભાચંદજી અમરચંદજી પંડયાના ધર્મપત્ની** દેવીબાઇને માંગલિક તથા પુણ્ય પ્રકાશનું સ્તવન તેમના ઘરે સંભળાવ્યા બાદ, **પૂ૦ પંન્યાસપ્રવર શ્રી સુશીલવિજયજી મ૦ તથા પૂ૦ મુનિરાજશ્રી મનોહરવિજયજી મ૦ની નિશ્રામાં, પૂ૦ પંન્યાસજી મ૦શ્રી**ના સદુપદેશથી **શા૦ શોભાચંદજી અમરચંદજીના સુપુત્ર શેરમલજીએ** પોતાની માતુશ્રીના નિમિત્તે દશહજાર [૧૦૦૦૦]ની રકમ સુકૃતમાં ખરચવાની જાહેરાત કરી.

## અષ્ટાહ્નિકા-મહોત્સવ

**શા૦ ગુમાનચંદજી ચુનીલાલજી બાફણાએ** પોતાના **પૂ૦ પિતાશ્રી ચુનીલાલજી તેજમાલજીના** નિમિત્તે, પૂ૦ પંન્યાસપ્રવરશ્રી **સુશીલવિજયજી મ૦ શ્રી**ની શુભ નિશ્રામાં. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુના મંદિરમાં શ્રાવણ શુદ નુમથી પુનમ સુધી **અષ્ટાહ્નિકામહોત્સવ** ઠાઠમાઠથી કર્યો. પ્રતિદિન પ્રભુજીને મનોહર આંગી તથા પ્રતિદિન પૂજામાં પ્રભાવના તથા રાતના ભાવના કરવામાં આવી.

## — મુંડારામાં મહોત્સવ —

સાદડીથી ચાર માઇલ ઉપર આવેલ મુંડારા **શ્રી સંઘ**ની વિનંતિથી પૂ૦ પંન્યાસજી મ૦શ્રીએ, પૂ૦ મુનિરાજ **શ્રી મનોહરવિજયજી** તથા **પૂ૦ બાલમુનિ શ્રી** અભયશેખરવિજયજીને ચોમાસી ચૌદશ ઉપર ત્યાં મોકલ્યા. તેઓશ્રીની શુભ પ્રેરણાથી ત્યાં પણ અનેક તપોની આરાધના થઇ. તદુપરાંત શ્રી સંઘ તરફથી સ્વ૦ પરમ શાસન **પ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજયલાવણ્યસુરીશ્વરજી મ૦શ્રીના** સ્વર્ગવાસ નિમિત્તે શ્રાવણ શુદ પાંચમથી દશ દિવસનો

મહોત્સવ શરુ થયો. મુંડારા શ્રી સંઘની વિનંતિથી **પૂ૦ પંન્યાસપ્રવર શ્રી સુશીલવિજયજી મ૦** શ્રાવણ શુદ ૧૧ ને દિવસે ત્યાં પધાર્યા. તેઓશ્રીની શુભ નિશ્રામાં **શ્રી સિદ્ધચક્રમહાપૂજન** શ્રી સંઘ તરફથી થયું. ત્યારબાદ ૧૩ના દિવસે **પૂ૦ મુનિરાજ શ્રી મનોહરવિજયજી મ૦શ્રીની** નિશ્રામાં **તીર્થાધિરાજ શ્રી શત્રુંજયમહાતીર્થના** માંડલાની મનોહર રચના પૂર્વક ૯૯ અભિસેકની ભવ્ય પૂજા પણ શ્રી સંઘ તરફથી ભણાવાઈ. દશે દિવસ ત્રણે જિન મંદિરે આંગી તથા ઉપાશ્રયમાં શ્રી સિદ્ધચક્રમહાપૂજન અને ૯૯ અભિષેકની પૂજા આદિ મહામહોત્સવ અનુપમ થયો. પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વની આરાધના અને ત્યાર પછી વિવિધ સ્થળની ચૈત્યપરિપાટી પણ સુંદર રીતે થઇ.

## શ્રી સમેતશિખર મહાતીર્થ અંગે કરાયેલ પ્રસ્તાવ અને તારો

જ્યાં આ અવસર્પિણીમાં થયેલ ચોવીશ તીર્થંકરો પૈકી વીશ તીર્થંકરોના કલ્યાણક ભૂમિઓ છે એવા પરમ પવિત્ર **શ્રી સમેત-શિખરજી મહાતીર્થ (પાર્શ્વનાથ હિલ)**નો કબજો બિહાર સરકારે લીધો, તેના વિરોધમાં તા. ૨૬–૮–૬૪ ના દિવસે **પુજ્ય પંન્યાસ મહારાજશ્રી સુશીલવિજયજી ગણિવરના** તત્વાવધાનમાં શ્રી જૈન શ્વેતામ્બર મંદિર માર્ગ ન્યાતી નોરામાં સભા મળી હતી તેમાં '**જૈનોનું મહાન શ્રી સમેતશિખરજી તીર્થ અને પહાડ જૈનોને જલ્દીથી પાછા મળે**' એ પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો હતો. તેમજ **શ્રી લાલબહાદુર શાસ્ત્રી** પ્રધાન મંત્રી–ભારત સરકાર, **શ્રી ગુલઝારીલાલ નંદા** ગૃહમંત્રી–ભારત સરકાર, **શ્રી એ. કે. સેન.** કાનૂન મંત્રી–ભારત સરકાર, તથા **શ્રી કૃષ્ણવલ્લભ–સહાય** મુખ્યમંત્રી–બિહાર સરકાર ઉપર **શ્રી સમેતશિખર તીર્થનો પહાડ** તરત જ **જૈનોને પાછો મળે** એ નિમિત્તના તારો કરવામાં

આવ્યા. તેમજ એક રજિસ્ટર્ડ કાગળ મુખ્યમંત્રી બિહાર સરકારને પણ જુદો મોકલાયો, **શ્રીતીર્થરક્ષક સમિતિ-મુંબઈ** તથા **શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી-અમદાવાદ** ઉપર પણ કાગળો લખવામાં આવ્યાં. તેમજ શ્રી સમેતશિખરજી મહાતીર્થ નિમિત્તે ચતુર્વિધ સંઘમાં **શ્રીશંખેશ્વર પાર્શ્વનાથજીના અઠ્ઠમની તપશ્ચર્યા** પણ **પૂ૦ પંન્યાસજી મ૦શ્રીના** સદુપદેશથી કરાવવામાં આવી.

## શ્રી પર્યુષણા મહાપર્વની સુંદર આરાધના

**પૂ. પંન્યાસપ્રવર શ્રી સુશીલવિજયજી મ૦શ્રીની** શુભ નિશ્રામાં **શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના** અપૂર્વ થઈ. આઠે દિવસ ચતુર્વિધ સંઘે ઉલ્લાસપૂર્વક ઉમંગભેર પૂ. પંન્યાસજી મ૦શ્રીના મધુર પ્રવચનો અભૂતપૂર્વ લાભ લીધો. ચોસઠ પહોરી પૌષધો પણ ભાઈ-બ્હેનોમાં સારા પ્રમાણમાં થયા. પૌષધ ધારી અને અક્ષયનિધિવાળા ભાઈ-બ્હેનોને એકાસણાં પણ જુદી જુદી અનેક વ્યક્તિઓ તરફથી કરાવવામાં આવ્યાં.

ભાદરવા શુદ ચોથને દિવસે ચતુર્વિધ સંઘ સહિત ચૈત્યપરિપાટી કરતાં, બહાર આવેલ આત્માનંદ જૈન છાત્રાવાસના ત્રણ જિનમંદિરે દર્શન કર્યાં બાદ ત્યાં શ્રી ઋષભદેવ પ્રભુના તેર ભવ અને પાંચે કલ્યાણકના સુંદર પટો કરાવવા માટે, **પૂ. પં૦ શ્રી સુશીલવિજયજી મ૦ શ્રીએ** સદુપદેશ આપતાં મંદિર બંધાવનાર **શા. ફુલચંદજી વીરચંદજીએ** તથા મંદિર બંધાવનાર શા. **પુખરાજ ચંદનમલજીએ** તેરભવ અને પાંચે કલ્યાણક પટો કરાવવા માટે પ્રતિજ્ઞા કરી.

સંવત્સરી પ્રતિક્રમણ કર્યાં બાદ, શ્રી **ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુના મંદિરમાં** પચીશ હજાર આંક એટલે ૫૦૦) રૂપીઆ બોલીને **શા. જુહારમલજી અગરચંદજી ધોકાએ** આરતી ઉતારી. આજ

સુધી આ રીતે વિશિષ્ટ બોલી બોલીને કોઇએ પણ આરતી ઉતારી ન હોવાથી, જે રેકર્ડ તરીકે નોંધપાત્ર બની.

છેલ્લા દશ વર્ષમાં નહીં થયેલ એવી દેવદ્રવ્યની તથા જ્ઞાનદ્રવ્યની ઉપજ થઇ. તથા અન્ય પણ અનેક ટીપો કરવામાં આવી.

તપશ્ચર્યા નિર્વિઘ્ન નીચે પ્રમાણે થઇ —

૩૧–ઉપવાસ શા. પુખરાજજી લુંબાજી બાફણાએ પૌષધમાં કરેલ.

૧૬ ,, એક વ્યક્તિએ કરેલ.

૧૫ ,, પાંચ વ્યક્તિએ ,,

૧૩ ,, એક વ્યક્તિએ ,,

૧૧ ,, બે વ્યક્તિએ ,,

૯ ,, ત્રણ વ્યક્તિએ ,,

૮ ,, પચાશ ઉપરાંત વ્યક્તિએ કરેલ.

૭ ,, એક વ્યક્તિએ કરેલ.

૬ ,, તેવીશ વ્યક્તિએ ,,

અઠ્ઠમ અને છઠ્ઠની તપશ્ચર્યા અનેક વ્યક્તિએ કરેલ તપસ્વીઓને તથા ચોસઠ પહોરી પૌષધવાળાઓને અનેક તરફથી અનેક પ્રભાવનાઓ આપવામાં આવી.

તપસ્વીઓને, ચોસઠ પહોરી પૌષધવાળાઓને તથા બહારગામથી શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના કરવા આવેલા ભાઈ–બ્હેનોને ભાદરવા શુદ પાંચમના પારણાં શા. ફુલચંદજી વીરચંદજી તરફથી થયાં.

ભાદરવા શુદ પાંચમનો વરઘોડો શા. મોહનલાલ ચંદનમલજી

ફુળાજી તરફથી પ્રભાવના સાથે છઠનો વરઘોડો (સવારના) શા. કીશનલાલ લાલચંદજી તરફથી પ્રભાવના સાથે. બપોરનો વરઘોડો શા. દેવીચંદજી હેમાજી તરફથી પ્રભાવના સાથે. સાતમનો વરઘોડો શા. નથમલજી ગુલાબચંદજી તરફથી પ્રભાવના સાથે. નોમનો વરઘોડો શ્રી સંઘનો દાદાવાડીથી, અને તેરશનો જલયાત્રાનો વરઘોડો ન્યાતીનોરાથી. આમ કુલ ૭ ભવ્ય વરઘોડાઓ કાઢવામાં આવ્યા. તેમાં **આત્માનંદ જૈન છાત્રાવાસના સંગીત મંડળે, આત્મવલ્લભ જૈન બેન્ડે** અને ખેલા નામતા ભાઈઓએ સુંદર કામ કર્યું હતું. એક વરઘોડામાં શ્રી **જિનેશ્વર બેન્ડ મંડળે** પણ સુંદર કામ કર્યું હતું.

**શાન્તિસ્નાત્ર યુક્ત અષ્ટાહ્નિકા-મહોત્સવ**—પરમ શાસન પ્રભાવક સ્વ. **પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલાવણ્ય-સૂરીશ્વરજી મ૦શ્રીના** સ્વર્ગારોહણ નિમિત્તે શ્રી. સંઘ તરફથી ભાદરવા શુદ છઠથી **અષ્ટાહ્નિકા-મહોત્સવ** ન્યાતીનોરામાં **પૂ. પંન્યાસપ્રવર શ્રી સુશીલવિજયજી મ૦શ્રીની** શુભનિશ્રામાં શરુ કરાયો. તેમાં ભવ્ય રચનાઓ નીચે પ્રમાણે કરવામાં આવી—

(૧) મેવાડના **મહારાણા પ્રતાપ** અને દાનવીર **ભામાશાહનું** દૃશ્ય.

(૨) શ્રી રાણકપુરજી મહાતીર્થની પ્રતિષ્ઠા કરનાર **શાસનપ્રભાવક પૂ. આ. શ્રી સોમસુંદરસુરિ મ૦** અને નલિની ગુલ્મ વિમાન આકારનું અદ્વિતીય મંદિર બંધાવનાર **શા. ધરણશાહ પોરવાડનું** દૃશ્ય.

(૩) શ્રેષ્ઠી ધનાશાહ પોરવાડ અને મંદિર બાંધનાર મુંડારાના **શિલ્પી દીપાજીનું** દૃશ્ય.

(૪) શ્રેષ્ઠી ધરણશાહને નિંદ્રામાં આવેલ અધિષ્ઠાયિકાદેવીનું દૃશ્ય.

(૫) નાભિમહારાજના નંદન શ્રી ઋષભકુમારને શક્રેન્દ્ર મહારાજા આપતા શેરડીના સોહાનું દૃશ્ય.

(૬) શ્રી ઋષભદેવ પ્રભુને શ્રેયાંસકુમારના હાથથી ઇક્ષુરસના પારણાનું દૃશ્ય.

(૭) શ્રી મહાવીર પ્રભુને ચંદનબાલાના હાથથી અડદના બાકુલાના પારણાનું દૃશ્ય.

(૮) શ્રી ઋષભદેવ પ્રભુના લોચનું અને પ્રભુના સ્કંધે ઇન્દ્રમહારાજા સ્થાપન કરતા દેવદુષ્ય વસ્ત્રનું દૃશ્ય.

ઉપરોક્ત એ સર્વ રચનાઓ ચલચિત્રવાળી હતી. તદુપરાંત શ્રી રાણકપુરજી મહાતીર્થનું મંદિર અને સમવસરણની સ્થીર રચના પણ અનુપમ કરવામાં આવી. ભવ્ય મંડપમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ત્રિગડું સ્થાપન કરવામાં આવ્યું.

ભાદરવા શુદ છઠના દિવસે કુંભસ્થાપના, અખંડ દીપક અને જવારા રોપણ. બારસે નવગ્રહ, દશદિગ્‌પાલ અને અષ્ટમંગલનું પૂજન. તેરસના દિવસે જલજાત્રાનો વરઘોડો. **સ્વામીવાત્સલ્ય શા૦ દેવીચંદજી હેમાજી** તરફથી. તથા ચૌદશે **શાન્તિસ્નાત્ર** પણ **શા૦ દેવીચંદજી** હેમાજી તરફથી. આઠે દિવસ પૂજાઓ જુદા જુદા ભાઈઓ તરફથી. પુનમે મહોત્સવની પૂર્ણાહુતિ કરવામાં આવી. મહોત્સવ સારી રીતે ઉજવાયો. ભાદરવા શુદ દશમે સવારે **પૂ૦ પં૦ શ્રી સુશીલવિજયજી મ૦** ચતુર્વિધ સંઘ સહિત એક માઈલ પર આવેલ **માદા** ગામે પધાર્યા. ત્યાં પણ **શા૦ મોહનલાલ વાઘજી પંડયાએ** પંચકલ્યાણકની પૂજા ભણાવી, ભાદરવા વદ પાંચમને દિવસે **સ્વ૦ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજયલાવણ્યસૂરીશ્વરજી મ૦ શ્રીની** જન્મતિથિ નિમિત્તે તથા **પૂ૦ સાધ્વી શ્રી સૌમ્યલતાશ્રીજીએ**

કરેલ અખંડ ૮૪ આયંબિલની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ નિમિત્તે, પૂ૦ સાધ્વી શ્રી મયણરેહાશ્રીજીના સદુપદેશથી પંચકલ્યાણકની પૂજા બ્હેનો તરફથી ભણાવવામાં આવી.

ભાદરવા વદ ૧૧ ને દિવસે પંજાબકેશરી પૂ૦ આ૦ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦શ્રીની સ્વર્ગવાસ તિથી હોવાથી, સવારના રથયાત્રાનો વરઘોડો કાઢવામાં આવ્યો. તથા બપોરના પૂ૦ આ૦ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ રચિત બ્રહ્મચર્યની પૂજા ભણાવવામાં આવી.

## શાશ્વતી ઓળીની આરાધના—

આસો માસની શાશ્વતી ઓળીની આરાધના વિધિવાળા ભાઈ-બ્હેનોએ સારી રીતે કરી. નવે દિવસ વ્યાખ્યાનનો લાભ પૂ૦ મુનિરાજ શ્રી મનોહરવિજયજી મ૦શ્રીએ આપ્યો.

## દિવાળી પર્વ અને નૂતનવર્ષનું માંગલિક પ્રવચન—

આસો વદ બીજથી પૂ૦ પં૦ શ્રી સુશીલવિજયજી મ૦ શ્રીનું વ્યાખ્યાન ચાલુ રહ્યું. દિવાળીપર્વના વ્યાખ્યાનનો લાભ પૂ૦ મુ૦શ્રી મનોહરવિજયજી મ૦શ્રીએ આપ્યો.

વીર સં૦ ૨૪૯૧ તથા વિક્રમ સં૦ ૨૦૨૧ના નૂતનવર્ષના અનંત-લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી ગણધર ભગવંતના કેવલજ્ઞાનરૂપ તથા શાસન-સૂરિ સમ્રાટ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મ૦શ્રી ના જન્મરૂપ મંગળમય પ્રથમ દિવસના પ્રથમ પ્રભાતે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘને માંગલિક તથા શ્રી ગૌતમસ્વામીજીનો રાસ વિગેરે પૂ૦ પં૦ શ્રી સુશીલવિજયજી મ૦શ્રીએ સંભળાવેલ. અને નવસ્મરણ પૈકી, સાત સ્મરણ પૂ૦ મુ૦ શ્રી મનોહર-

વિજયજી મ૦શ્રીએ તથા દેવગુરુ ભક્તાદિ પૂ૦ મુ૦ શ્રી રત્નશેખરવિજયજી મ૦શ્રીએ સંભળાવેલ. ત્યારબાદ શ્રી સંઘ પૂ૦ પંન્યાસજી મ૦શ્રીના વરદ હસ્તે વાસક્ષેપ નંખાવવા પૂર્વક સાનંદ સ્વસ્થાને ગયો. મુંડારાનો શ્રી સંઘ વંદનાર્થે આવ્યો.

## રાજપરા દર્શનાર્થે—

કાર્તિક શુદ બીજના દિવસે પૂ૦ પંન્યાસપ્રવર શ્રી સુશીલવિજયજી મહારાજસાહેબ ચતુર્વિધ સંઘ સહિત રાજપરા શ્રી શાન્તિનાથ પ્રભુના દર્શનાર્થે પધાર્યા. શ્રી સંઘે દર્શન-પૂજા આંગી આદિનો સારો લાભ લીધો.

## જ્ઞાનપંચમીની આરાધના—

કાર્તિક શુદ પાંચમને દિવસે પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી સુશીલવિજયજી મ૦શ્રીએ વરદત્ત-ગુણમંજરીના અનુપમ દૃષ્ટાંત પૂર્વક જ્ઞાનપંચમીની મહત્તા વિષયક સુંદર પ્રવચન આપ્યું. શણગારેલ જ્ઞાન આગળ પૂ૦ પંન્યાસજી મ૦ આદિ મુનીમંડળે સંઘસહિત દેવવંદન કર્યું.

## પૂ૦ શ્રી વિપાકસૂત્રની પૂર્ણાહુતિ અને પૂજા—

કાર્તિક શુદ અગિયારસને દિવસે પૂ૦ પંન્યાસપ્રવર શ્રી સુશીલવિજયજી મ૦શ્રીએ સાનંદ પૂ૦ શ્રી વિપાકસૂત્રની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ કરી, અને શ્રી સંઘે ૧૧ અંગની પૂજા ભણાવી.

## શ્રી જૈન ઉપાશ્રયનો જીર્ણોદ્ધાર—

પૂ૦ પંન્યાસપ્રવર શ્રી સુશીલવિજયજી મ૦શ્રીના સદુપદેશથી, શ્રી શાન્તિનાથ પ્રભુના મંદિર પાસેના ઉપાશ્રયનો જીર્ણો-

દ્ધાર કરાવવાની ઘણા વખતની ભાવનાને વેગ મળતાં અને તેનો નિર્ણય થતાં તે કાર્યનો પણ સાનંદ પ્રારંભ થયો.

શ્રી જૈન શ્વેતામ્બર મંદિરમાર્ગી ન્યાતીનોરામાં પણ નૂતન વ્યાખ્યાન હોલ બંધાવવા માટે, પૂ૦ પંન્યાસજી મ૦શ્રીએ સદુપદેશ આપ્યો.

### વંદનાર્થે આવેલ અનેક સદ્‌ગૃહસ્થો—

ચાતુર્માસ દરમ્યાન શ્રી રાણકપુરજી મહાતીર્થની યાત્રા એ આવેલા અનેક સદ્‌ગૃહસ્થો પૂ૦ પંન્યાસજી મ૦ શ્રી આદિ મુનિમંડળને વંદનાર્થે આવ્યા.

(૧) અમદાવાદથી—શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શેઠ કસ્તૂરભાઇ લાલભાઇ. ક્રિયાકારક શા૦ માણેકલાલ મફતલાલ આદિ. માસ્તર છોટાલાલ નાનાચંદ આદિ.
• ભઇયા ચિમનલાલ પુનમચંદ ભોજક અને પેઇન્ટર જગન્નાથજી જયપુરવાળા.

(૨) મુંબઇથી—સુરતનિવાસી ઝવેરી ફતેચંદ પ્રેમચંદ સપરિવાર આદિ. મલાડવાળા શા૦ હિમ્મતલાલ ચુનીલાલ સપરિવાર આદિ.

(૩) ઝઘડીયાજી તીર્થથી—શેઠ મણીલાલ ધરમચંદ અંગારેશ્વરવાલા તથા મુનિમ ગુલાબચંદભાઈ આદિ.

(૪) સિરોહીથી—વકીલ વિગેરે.

(૫) જાવાલથી—શા૦ અમીચંદજી સાંકળચંદજી આદિ.

(૬) શિવગંજથી—શા૦ રિખવદાસજી ભભૂતમલજી (સ્વામી) સંઘવી જેઠમલજી તથા તેમના પુત્ર ઝવેરચંદજી, શા૦ નેનમલજી

ખીમચંદજી, પંડિત સુરેશઝાજી તથા માસ્તર રિખવદાસજી.

(૭) કોસીલાવથી—શા૦ મેઘરાજજી ફતેચંદજી આદિ.

(૮) ખીમાડાથી—શ્રીમદ્ વિજયલાવણ્યસૂરિશ્વજી સમાધિ સ્મારક સમિતિના સભ્યો.

(૯) મુંડારાથી—શ્રી સંઘના આગેવાનો તથા અનેક ભાઇ—બ્હેનો.

(૧૦) વાલીથી—અનેક ભાઇઓ.

(૧૧) વરકાણાતીર્થથી—ગૃહપતિ શ્રી સંપતરાજજી ભણશાળીજી તથા માસ્તર જીતમલજી આદિ.

(૧૨) ફાલનાથી—શ્રી ચંચલદાસજી ભંડારી આદિ.

(૧૩) રાણીથી—શા. ચુનીલાલજી, શા. નેમિચંદજી, શા. શેષમલજી, શા. ધનરાજજી તથા મુતા અચલચંદજી આદિ.

(૧૪) ઉદેપુર (મેવાડ)થી—સંઘવી ફતલાલજી ઉર્જનલાલજી મનાવત તથા શા૦ ગોકુળચંદજી, શા૦ વિજયરાજજી વિગેરે.

(૧૫) તખતગઢથી—શા૦ હજારીમલજી વૃદ્ધિચંદજી, શા૦ બાબુલાલ નરસીંગજી તથા માસ્તર બાબુલાલભાઈ આદિ.

(૧૬) ગુડાબાલોતરાથી—શા૦ શેષમલજી, શા૦ તારાચંદજી, તથા ગુડાબાલોતરા શ્રી જૈન છાત્રાવાસની મંડળી. મંડળીએ વ્યાખ્યાનમાં સંગીત અને નૃત્યાદિ સુંદર કરેલ. તેનો શ્રી સંઘે ઉચિત સત્કાર કર્યો.

(૧૭) ખિવાન્દીથી—ક્રિયાકારક શા૦ પ્રતાપચંદજી ભેરાજી નાણાવટી આદિ.

(૧૮) વિજોવાથી—અનેક ભાઇઓ.

(૧૯) ખુડાલાથી—અનેક ભાઈઓ.

(૨૦) લુણાવાથી—અનેક ભાઈઓ.

(૨૧) રામસેનથી—૧૧૦૦ માણુસોનો આવેલો સંઘ.

(૨૨) ભીમમાલથી—માસ્તર પારસમલજી ભંડારી તથા શ્રી રાજેન્દ્ર જૈન બોર્ડિંગના વિદ્યાર્થીઓ.

(૨૩) અજમેરથી—ભંડારી બાદલચંદ મોતીલાલજી આદિ.

(૨૪) પૂનાથી—શા૦ મોહનલાલ સખારામ આદિ.

(૨૫) ચાણસ્માથી—શા૦ શીવલાલ ફુલચંદ, શા૦ [illegible]ચંદ કેવલચંદ, શા૦ સોમચંદ ચુનીલાલ, શા૦ મનસુખલાલ ડાહ્યાલાલ, શા૦ ત્રીકમલાલ ડાહ્યાલાલ, શા૦ હરગોવનદાસ, શા૦ કાન્તિલાલ નથુભાઈ આદિ.

(૨૬) સરથી—મુતા પ્રેમરાજ ચંપાલાલજી આદિ.

(૨૭) પાલીથી—શા૦ ચંદનમલજી હુકમાજી આદિ.

(૨૮) ઘાણેરાવથી—અનેક ભાઈઓ.

(૨૯) નારલાઈથી—અનેક ભાઈઓ.

(૩૦) વીસલપુરથી—ધાર્મિક શિક્ષિકાબ્હેન તથા દીક્ષાર્થી બ્હેનો આદિ.

આ સિવાય પણ અનેક સ્થળેથી અનેક ભાવુકો વંદનાર્થે આવ્યા હતા.

## ચાતુર્માસ પરાવર્તન અને શ્રી રાણકપુરજી મહાતીર્થની યાત્રા—

કાર્તિક શુદ પુનમને દિવસે પૂ. પંન્યાસપ્રવર શ્રી સુશીલ-

વિજયજી મ૦ અને પૂ. પંન્યાસ શ્રી ચંદનવિજયજી મ. આદિ મુનિમંડળે બેન્ડ સહિત ચાતુર્માસ પરાવર્તન બોર્ડીંગમાં કરી, ચતુર્વિધ સંઘ સહિત શ્રી રાણકપુરજી મહાતીર્થની યાત્રાર્થે પધાર્યા. ત્યાં પણ એક સદ્ગૃહસ્થ તરફથી પૂજા ભણાવવામાં આવી. કાર્તિક વદ એકમે પૂ૦ પંન્યાસજી મ૦ આદિ સાદડી પધાર્યા.

## વિહાર—

કાર્તિક વદ બીજને દિવસે પૂ૦ પં૦ શ્રી સુશીલવિજયજી મ૦ શ્રીને દીક્ષામાં ૩૩ વર્ષ પૂર્ણ થઇને ૩૪મા વર્ષમાં પ્રવેશ હોવાથી, તે નિમિત્તે શ્રી સંઘે ન્યાતીનોરામાં પૂજા પ્રભાવનાપૂર્વક ભણાવી. સાંજના પાંચ વાગે પૂ૦ પં૦ મ૦શ્રીએ સપરિવાર વિહાર કરી, બહાર આવેલ શા૦ નિહાલચંદ નથમલજીના બંગલે પધાર્યાં. ત્યાં શ્રી સંઘે માંગલિક સાંભળ્યા બાદ, સ્વ૦ પરમશાસન પ્રભાવક પરમપૂજ્ય આચાર્ય-દેવ શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી મ૦શ્રીના વિરહ કાળમાં પણ, શાસન પ્રભાવક પૂ૦ પંન્યાસપ્રવર શ્રી સુશીલવિજયજી મ૦શ્રીનું આ સ્વતંત્ર ચાતુર્માસ પ્રથમ જ અભૂતપૂર્વ શાસન પ્રભાવક સુંદર થયેલ છે, એમ ભૂરી પ્રશંસા કરવા પૂર્વક, અને પુનઃ શીઘ્ર આ તરફ પધારવા માટે વંદના સહિત નમ્ર વિનંતિ સાથે અશ્રુભીની આંખે શ્રી સંઘ વિખરાયો. કાર્તિક વદ ત્રિજને દિવસે સવારના સાત વાગે શ્રી સંઘને માંગલિક સંભળાવ્યા બાદ, પૂ૦ પંન્યાસજી મ૦શ્રી આદિએ મુંડારા તરફ વિહાર કર્યો.

# चातुर्मास-गीत

रचयिता—शाह हस्तिमल खीमराज कोठारी, सादडी (मारवाड)

[ रखिया बंधावो भैया, श्रावण आया रे.......ए रागमां ]

गुरुवर सुशीलविजयजी, सादडी पधारीया रे.... ( टेक. )

सादडी पधार्या रे, चौमासा ढाया रे,
आनंद रंग जमाया, सादडी पधारीया रे. गुरुवर० (१)

देशना मधुरी जाणी, सुनी है श्रोता वाणी;
सूत्र विपाक सुनाया, सादडी पधारीया रे. गुरुवर० (२)

भावनाधिकारे जानो, समरादित्य चरित्र मानो;
वैराग्य वाही सुनाया, सादडी पधारीया रे. गुरुवर० (३)

अष्ठ महासिद्धि तप, नवकार पंचरंगी तप;
अक्षयनिधि कराया, सादडी पधारीया रे. गुरुवर० (४)

सुपना, पारणा केरी, हुही है आय भलेरी;
पर्व पर्युषण मांहे, सादडी पधारीया रे. गुरुवर० (५)

अठ्ठाइ महोत्सव चित्ते, सूरी लावण्य निमित्ते;
शान्तिस्नात्र कराया, सादडी पधारीया रे. गुरुवर० (६)

पूजा-प्रभावना आदि, साहम्मी वत्सल आदि,
वरघोडा शासन शोभा, आदि कराया रे. गुरुवर० (७)

अट्ठाई मास पास, छठ्ठ अठ्ठय षोडस;
तपस्या रंग जमाया, सादडी पधारीया रे. गुरुवर० (८)

चंदन जितेन्द्र मनोहर, रत्न-अभयशेखर
सुशील प्रमोद कराया, सादडी पधारीया रे. गुरुवर० (९)

संवत दो सहस वीस, गुरु आज्ञा सीस;
हस्ती मन मोद बढाया, सादडी पधारीया रे. गुरुवर० (१०)

卐 ॐ ह्रीँ अर्हं नमः 卐

# સ્થાવરમાં જીવની સિદ્ધિ

અનાદિ અને અનંત એવા આ વિશ્વમાં-જગતમાં જીવો મુખ્યપણે બે વિભાગમાં વહેંચાએલા છે. એક કર્મરહિત **સિદ્ધના જીવો** અને બીજા કર્મ સહિત **સંસારી જીવો.**

તેમાં સંસારી જીવો પણ બે વિભાગમાં વહેંચાએલા છે. એક **ત્રસ** રૂપે અને બીજા **સ્થાવર** રૂપે.

ત્રસ જીવો સ્વેચ્છાપૂર્વક સ્વયમેવ ગમનાગમન કરી શકે છે. અર્થાત હાલી ચાલી શકે છે. સ્થાવર જીવો સ્વેચ્છાપૂર્વક સ્વયમેવ ગમનાગમન કરી શકતા નથી. અર્થાત્ સ્થિર રહે છે.

ત્રસમાં બેઇન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના સર્વ જીવો આવી શકે છે. સ્થાવરમાં માત્ર એકેન્દ્રીય જીવો જ આવી શકે છે. તે એકેન્દ્રિય જીવો સ્થિર રહેલા હોય છે.

જેમાં પૃથ્વીના જીવો, પાણીના જીવો, અગ્નિના જીવો, વાયુના જીવો અને વનસ્પતિના જીવોનો સમાવેશ થાય છે.

હવે આપણે તે સ્થાવરમાં જીવની સિદ્ધિ આદિનો અંગે આવતી વસ્તુઓનો અંશતઃ વિસ્તારપૂર્વક વિચાર ક્રમશઃ કરીયે.

# [૧] પૃથ્વીમાં જીવસિદ્ધિ

પૃથ્વીકાય એટલે પૃથ્વીના જીવો. આપણે જ્યાં પત્થર, માટી, ધાતુઓ, ખનીજ પદાર્થો આદિની ખાણો તરફ જોઈએ તો તેમાં તેઓ વૃદ્ધિ પામતા હોય છે. અર્થાત્ વધે છે.

જો કે વનસ્પતિ વગેરેની જેમ ચૈતન્ય એકદમ પૃથ્વીમાં દેખાતું નથી, તો પણ તેમાં ચૈતન્ય છે એ નીચેના કારણોથી સમજાશે.

(૧) જેમ કોઈ માણસ માદક દ્રવ્ય પીવાથી મૂર્છિત દશામાં પડયો રહે છે, છતાં તેમાં ચૈતન્ય વિદ્યમાન છે, તેમ પૃથ્વીકાય એટલે પૃથ્વીના જીવોમાં પણ ચૈતન્ય વિદ્યમાન છે.

(૨) જેમ મનુષ્યના દેહના અવયવો વધે છે, તથા મસા વગેરે પણ વધે છે તેમ સચેતન પૃથ્વીના દેહમાં શરીરમાં વૃદ્ધિ થાય છે.

(૩) જેમ વનસ્પતિના એક સાથે ઉત્પન્ન થયેલા અંકુરાઓ વૃદ્ધિ પામતા જાય છે, તેમ લવણ, પરવાળા અને પત્થર પ્રમુખમાં પણ એક સાથે ઉત્પન્ન થયેલા સમાન અંકુરાઓ વૃદ્ધિ પામતા જાય છે. પોતાની સજાતીય વસ્તુમાંથી તે વધે છે.

પૃથ્વીમાંથી પ્રારંભમાં જે કોઇ પદાર્થો પ્રગટ થાય છે તે પ્રત્યેક સચેતન હોય છે. ત્યાર પછી અમુક સમય બાદ તે પદાર્થો અચેતન બની જાય છે.

મનુષ્યના અસ્થિ-હાડકાની માફક પરવાળા, પત્થર કઠણ છતાં પણ સચેત-સજીવન હોય છે.

ખાણમાંથી નીકળતો પારો પણ સચેતન છે. જ્યારે તેને ખાણમાંથી બહાર કાઢવાનો હોય છે ત્યારે પૂર્વે તેનો વિધિ એવો હતો કે-કોઈ એક માણસ કુમારીકાને અશ્વ-ઘોડા પર બેસારી, તેનું મુખ ખાણમાં અથવા કુવામાં રહેલ પારાને દેખાડી નાસી જાય, ત્યાં તો પારો એકદમ મૈથુન સંજ્ઞાથી ઊંચે ઊછળીને બહાર આસપાસ ફેલાઈ જાય.

આથી સમજી શકાય કે-આ મૈથુન સંજ્ઞાવાળો પારો સચેતન છે એ વાત સિદ્ધ પણ છે.
આ પ્રમાણે પૃથ્વીમાં જીવ છે એ વાત સાબિત થાય છે.

## પૃથ્વીકાયમાં આવતા પદાર્થો અને તેના ભેદો—

પૃથ્વીકાયમાં કયા કયા પદાર્થો આવે છે ? તેનો ખ્યાલ નીચેની ગાથાઓ પરથી આવી શકશે.

"फलिह-मणिरयण-विद्दुम,-हिंगुल-हरियाल-महसिल-रसींदा ।
कणगाइ-धाउ सेढी,—वन्निय—अरणेट्टय—पलेवा ॥३॥
अब्भय—तूरि—उसं, मट्टी—पाहाणा—जाई ओणेगा ।
सोवीरंजण—लुणाई, पुढवी—भैया इ इच्चाई ॥४॥"

[ जीवविचार प्रकरण ]

ઉક્ત એ બંને ગાથામાં જણાવેલ પૃથ્વીકાયના ભેદોનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે.

[૧] સ્ફટિક—એ આરપાર દેખાય તેવો પારદર્શક પત્થર છે. તેમાંથી કારીગરો મૂર્તિઓ અને ચશ્મા વગેરે બનાવે છે.

[૨] મણિ—એ સમુદ્રાદિકમાં થાય છે. શાસ્ત્રમાં તેના ૧૮ ભેદો વર્ણવ્યા છે. તે આ પ્રમાણે છે—

(૧) ગોમદમણિ
(૨) રૂચકમણિ
(૩) અંકમણિ
(૪) સ્ફટિકમણિ
(૫) લોહિતાક્ષમણિ
(૬) મરતકમણિ
(૭) મસારગલ્લમણિ
(૮) ભુજમોચકમણિ
(૯) ઈન્દ્રનીલમણિ
(૧૦) ચંદનમણિ
(૧૧) ગેરૂકમણિ
(૧૨) હંસમણિ
(૧૩) પુલકમણિ
(૧૩) સૌગંધિકમણિ
(૧૫) ચંદ્રપ્રભમણિ
(૧૬) વૈડુર્યમણિ
(૧૭) જલકાન્તમણિ
(૧૮) સૂર્યકાન્તમણિ

[૩] રત્ન—એ ખાણોમાં થાય છે. તેના નામો આ પ્રમાણે—

(૧) પુલકરત્ન
(૨) વજ્રરત્ન
(૩) ઈંદ્રનીલરત્ન
(૪) સાસગરત્ન
(૫) કર્કેતનરત્ન
(૬) લોહિતાક્ષરત્ન
(૭) મરકતરત્ન
(૮) મસારગલ્લરત્ન
(૯) પ્રવાલરત્ન
(૧૦) સ્ફટિકરત્ન
(૧૧) સૌગંધિકરત્ન
(૧૨) હંસગર્ભરત્ન
(૧૩) અંજનરત્ન
(૧૪) ચંદ્રકાંતરત્ન વગેરે.

[૪] પરવાળા—એ સમુદ્રમાં થાય છે. તે લાલરંગના હોય છે. તેના મોટા મોટા બેટો હોય છે, અને તેની અનેક ચીજ-વસ્તુઓ કારીગરો બનાવે છે.

[૫] હિંગળો—એ લાલરંગનો હોય છે. તેના ગાંગડા ગાંધીની દુકાને મળે છે. તેમાંથી પણ પારો નીકળે છે.

[૬] હડતાળ–એ રસાયણી ખનીજ પદાર્થ છે. ખાણુમાંથી નીકળતી એક જાતની પીળારંગની માટી છે. ઝેરી વસ્તુ તરીકે તેની પ્રસિદ્ધિ છે. વૈદ્યો ઓષધ તરીકે તેનો ઉપયોગ કરે છે. લઇયાઓ લખેલ પોથી કે પુસ્તકના નકામા અક્ષરોને છેકી નાખવામાં તેને વાપરે છે.

[૭] મણસિલ–એ પણ રસાયણી ખનીજ પદાર્થ છે. હડતાળ જેવી જ ઝેરી વસ્તુ તે છે. ઓષધોમાં કીમીયાગિરિમાં તેને વાપરે છે.

[૮] પારો–એ ધોળા રંગનો હોય છે. અનેક ઓષધો બનાવવામાં તે વપરાય છે. કોઠારોમાં રહેલ અનાજ સડી ન જાય તેની ખાતર તેમાં તે નંખાય છે.

[૯] ધાતુઓ–એ સોનું, રૂપું, તાંબુ, લોઢું, સીસું, જસત અને કલાઈ વગેરે કહેવાય છે. આ ધાતુઓ અને એ સિવાયની પણ બીજી અનેક ધાતુઓ પૃથ્વીમાંથી નીકળે છે. આજે પણ તેની ખાણો વિદ્યામાન છે.

[૧૦] ખડી–એ સ્લેટ–પાટી કે પાટીયા વગેરે પર અક્ષરો લખવા માટે વપરાય છે. ભીંતો ધોળવા માટે પણ ગામડાઓમાં તેનો ઉપયોગ કરે છે.

[૧૧] રમચી–એ લાલરંગની માટી કહેવાય છે.

[૧૨] અરણેટો–એ એક જાતનો પોચો પત્થર છે.

[૧૩] પારેવો–એ પણ એક જાતનો પોચો પત્થર છે.

[૧૪] અબરખ–એ ખાણુમાંથી નીકળે છે. તે જુદા જુદા પાંચેય રંગનો હોય છે.

[૧૫] તેજંતુરી–એ એક જાતની માટી છે. તેને લોહાના રસમાં નાખવાથી લોઢું સોનું બની જાય છે. વસ્ત્રોને પાસ દેવામાં પણ તે તુરી વપરાય છે.

[૧૬] ખારો–એ અનેક જાતનો હોય છે. જેવા કે–સાજીખાર જવખાર, પાપડીઓ ખાર, ધોવાનો ખાર અને નવસાર વગેરે.

[૧૭] માટી–એ અનેક પ્રકારની હોય છે. જેવી કે લાલમાટી, પીળીમાટી, કાળી માટી, ધોળી માટી, ભૂખરી માટી, ચીકણી માટી અને ખડબચડી માટી વગેરે.

[૧૮] પત્થરો–એ ખાણમાંથી નીકળે છે. તેના અનેક પ્રકારો છે. જેવા કે–લાલ પત્થર, પીળો પત્થર, કાળો પત્થર, ધોળો પત્થર, ચીકણો પત્થર. બરડ પત્થર, અકીકનો પત્થર, આરસનો પત્થર, મગશીલનો પત્થર અને ચીલોડીનો પત્થર વગેરે.

[૧૯] સોવીરંજન–એટલે આંખમાં આંજવાનો સુરમો તે બે પ્રકારે છે. ધોળો અને કાળો.

[૨૦] મીઠું–એટલે નીમક અથવા લવણ. તે અનેક જાતનું છે. જેવું કે–વડાગરું, ઘસીયું, સિંધવ, બિકલવણ અને કાચલવણ વગેરે. ઉપરોક્ત એ સર્વે ભેદો અને તે સિવાયના પણ અનેક એ સર્વ પૃથ્વી કાયના જીવો છે. (૩–૪)

લોકમાં ઉપયોગમાં આવતા એ સર્વ પદાર્થો અસંખ્ય જીવોના અસંખ્ય શરીરોના પીંડરૂપ બાદર પૃથ્વી કાય છે. જેમ મુંગો, બહેરો કે આંધળો મનુષ્ય, કર્મના ઉદયને લઈને દુઃખી થવા છતાં પણ દુઃખને જાહેર કરી શકતો નથી; તેમ એ પૃથ્વીકાયના જીવો દુઃખી થવા છતાં દુઃખને જાહેર કરી શકતા નથી

વળી છેદવું, ભેદવું, ફેંકવું, ભોગ, સુગંધ, રસ અને સ્પર્શ એ સર્વના આશ્રયરૂપ એ પૃથ્વીકાય દ્રવ્ય હોવાથી, તે સર્વ જીવના પ્રયોગ સિવાય સંભાવિત નથી.

## પૃથ્વીકાયના પ્રકારાદિ

પૃથ્વીકાય બે પ્રકારે છે. સૂક્ષ્મ પૃથ્વીકાય અને બાદર પૃથ્વીકાય. સૂક્ષ્મપૃથ્વીકાય ચર્મચક્ષુથી અદ્રશ્ય છે. અને બાદર પૃથ્વીકાય ચર્મચક્ષુથી દ્રશ્ય છે. આપણી કોઇ પણ પ્રવૃત્તિથી સૂક્ષ્મપૃથ્વીકાયની હિંસા થતી નથી, પણ બાદર પૃથ્વીકાયની હિંસા થયા છે. સૂક્ષ્મ પૃથ્વીકાયનું માનસિક હિંસાજન્ય પાપ લાગતું હોવાથી, તેનાથી બચવા માટે હિંસા ન કરવાની પ્રતિજ્ઞા કરવાની રહે છે. સૂક્ષ્મપૃથ્વીકાયના જીવો લોકમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે. અર્થાત ચોદેય રાજલોકમાં તે જીવો વ્યાપીને રહેલા છે. બાદર પૃથ્વીકાયના જીવો ત્રણેય લોકમાં હોય છે. બાર દેવલોક અને સાત નારક પૃથ્વીઓમાં પણ તેઓ વર્તે છે.

એ બાદર પૃથ્વીકાય પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકારે સમજવો. તેમાં જે જીવ આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોચ્છવાસ–એ ચાર પર્યાપ્તિઓ પૂરી કર્યા પછી મૃત્યુ પામે તે એકેન્દ્રિય બાદર પૃથ્વીકાય પર્યાપ્ત જીવ સમજવો. અને એ ચાર પર્યાપ્તિઓ પૈકી પ્રથમની ત્રણ પર્યાપ્તિઓ પૂરી કરી ચોથી પર્યાપ્તિ પૂર્ણ કર્યા વિના જ એ જીવ મૃત્યુ જો પામે તો તે એકેન્દ્રિય બાદર પૃથ્વીકાય એ અપર્યાપ્ત જીવ સમજવો. એજ રીતે સૂક્ષ્મ પૃથ્વીકાયના જીવો પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકારે જાણવા. દ્વાદશાંગી પૈકી પ્રથમ શ્રી આચારાંગ સૂત્રમાં–આ બાદર પૃથ્વીકાયના બે ભેદો બતાવ્યા છે. એક

શ્લક્ષ્ણ (સુંવાળી) બાદર પૃથ્વીકાય, અને દ્વિતીય ખર (કઠણ) બાદર પૃથ્વીકાય.

શ્લક્ષ્ણ બાદર પૃથ્વી–કાળી, ધોળી, લીલી, રાતી અને પીળી એમ વર્ણ ભેદથી પાંચ પ્રકારે છે.

ખર બાદર પૃથ્વી–માટી, કાંકરાં, રેતી, પત્થર, શીલા, લવણ, ઉસ, લોઢું, ત્રાંબુ, જસત, સીસુ, રુપું, સોનું, હીરા, હડતાળ, હિંગળોક, મણશીલ, કથીર, અંજન, પરવાળા, અબરખ, ઝીણી રેતી, એ બાવીશ સામાન્યરુપે ખર બાદર પૃથ્વીમાં કહેલા છે.

તથા ગોમેદક, રૂચક, અંક, સ્ફટિક, લોહિતાક્ષ, મરતક, મસારગલ, ભુજમોદક, ઈન્દ્રનીલ, ચંદ્રપ્રભા, વૈડૂર્ય, જળકાંત અને સૂર્યકાંત, એ ચૌદ રત્નો વિશેષરુપે ખર બાદર પૃથ્વીમાં જણાવેલા છે.

આ રીતે ખર બાદર પૃથ્વીના ૩૬ પ્રકાર બતાવ્યા છે.

## પૃથ્વીકાયનો આકાર અને દેહની ઉંચાઈ—

પૃથ્વીકાયનો આકાર મસુર જેવો છે. તેનું શરીર અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું છે. સૂક્ષ્મ પૃથ્વીકાયના જીવો શરીરો ઘણા એકત્રિત થવા છતાં દેખી શકાતા નથી, પણ બાદર જીવોના શરીરો એકત્રિત થવા છતાં દેખી શકાય છે.

એક લીલા આંબળા પ્રમાણ પૃથ્વીકાયમાં રહેલા જીવો જો સરસવ જેવડું સ્વશરીર કરે, તો તે શરીર આખા એક લાખ યોજન પ્રમાણ એવા જંબૂદ્વીપમાં પણ સમાઈ શકે નહીં.

## પૃથ્વીકાય જીવોનું આયુષ્ય—

બાદર પૃથ્વીકાય જીવોનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટ આયુષ્ય બાવીશ હજાર વર્ષનું, અને બાકીનું વચલા ગાળાનું મધ્યમ હોય છે. જુઓ—

(૧) અતિકઠણ પૃથ્વીનું–૨૨ હજાર વર્ષનું આયુષ્ય હોય છે.

(૨) પત્થરના કાંકરાનું–૧૮ હજાર વર્ષનું આયુષ્ય હોય છે.

(૩) મણશિલનું–૧૬ હજાર વર્ષનું આયુષ્ય હોય છે.

(૪) રેતીનું–૧૪ હજાર વર્ષનું આયુષ્ય હોય છે.

(૫) શુદ્ધ પૃથ્વીનું–૧૨ હજાર વર્ષનું આયુષ્ય હોય છે.

(૬ સુંવાળી પૃથ્વીનું–૧ હજાર વર્ષનું આયુષ્ય હોય છે.

સૂક્ષ્મ પૃથ્વીકાય જીવોનું તો આયુષ્ય માત્ર મધ્યમ અંતર્મુહૂર્ત (ઓચ્છામાં ઓચ્છું ૨૫૬ આવલિકા) જેટલું જ હોય છે.

## પૃથ્વીકાય જીવોની યોનિ સંખ્યા—

જીવોની ઉત્પત્તિનું જે સ્થાન તે યોનિ કહેવાય છે. વિશ્વમાં ઉત્પત્તિના સ્થાનો અસંખ્ય હોવા છતાં પણ વર્ણ–ગંધ–રસ–સ્પર્શ અને સંસ્થાન એટલે આકાર જેના સમાન હોય, તે સર્વની એક યોનિ ગણાય છે. જગતમાં એવી કુલ ચોરાશી લાખ જીવ યોનીઓ છે. તેમાં પૃથ્વીના જીવોની સાત લાખ યોનિઓ છે. જુઓ—'**સાત લાખ પૃથ્વીકાય**' તે સર્વસંવૃત યોનિઓ કહેવાય છે. વળી પૃથ્વીકાયની ૧૨ લાખ કુલ કોડી છે.

## પૃથ્વીકાય જીવોની સ્વકાય સ્થિતિ—

પ્રશ્ન–પૃથ્વીકાય જીવ પૃથ્વીકાયમાં જ કયાં સુધી ઉત્પન્ન થઈ શકે? અને મૃત્યુ પામી શકે?

પ્રત્યુત્તર–પૃથ્વીકાય જીવ સ્વકાય સ્થિતિમાં એટલે પૃથ્વીકાયમાં જ અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી પર્યંત ક્રમશઃ ઉત્પન્ન થઇ શકે છે અને ક્રમશઃ મૃત્યુ પામી શકે છે. પૃથ્વીકાયની એ ઉત્કૃષ્ટ સ્વકાય સ્થિતિની મર્યાદા જણાવી. જઘન્ય સ્વકાય સ્થિતીની મર્યાદા જઘન્યથી બે અંતમુહૂર્તની જાણવી.

## પૃથ્વીકાય જીવોમાં પ્રાણની સંખ્યા—

સર્વનો આત્મા અમર છે. તેના ભાવ પ્રાણો જ્ઞાન, દર્શન અને ચારિત્ર વગેરે છે. તેની સાથે આત્મા અનાદિ અનંતકાળ પર્યંત પ્રાણવાન્ રહે છે અને જીવે જ છે, એ વાત સનાતન સિદ્ધ છે.

દુનિયામાં દ્રવ્યપ્રાણ આશ્રિને દેહધારી કોઇ પણ જીવ જીવે છે કે નહીં? તે દશ પ્રાણ પૈકી કોઇ પણ અમુક સંખ્યાના પ્રાણો ચાલુ હોય તો જ સમજી શકાય કે તે જીવ જીવે છે; નહીંતર નહીં.

પૃથ્વીકાય જીવોમાં દશ પ્રાણ પૈકી માત્ર ચાર જ પ્રાણ હોય છે.

(૧) સ્પર્શનેન્દ્રિય (ચામડી), (૨) શ્વાસોચ્છ્વાસ, (૩) આયુષ્ય, અને (૪) કાયબળ.

ઉક્ત એ ચાર દ્રવ્યપ્રાણ પરથી આપણને ખબર પડે કે, તેમાં જીવ છે. પૃથ્વીકાયમાંથી જીવ અન્યત્ર ચાલ્યો જતાં તે દેહમાં એક

પણ પ્રાણ રહેતો નથી. એ દૃષ્ટિએ તેનું મરણ કહેવાય છે. આત્મા તો અમર છે. કોઇપણ દિવસ એ મૃત્યુ પામતો નથી.

આપણે પૃથ્વીકાયના જીવો તરફ દૃષ્ટિ કરીશું તો જણાશે કે પૃથ્વીકાયના જીવોની કેટલી બધી હિંસા થાય છે. તેને લઇને તે જીવોને ઘણાં જ દુઃખો ભોગવવાં પડે છે. હળાદિ દ્વારા ખેતી કરવાથી, ખાણો ખોદવાથી, જળાદિકના પ્રવાહથી, શસ્ત્રો વિગેરેના ઉપયોગથી, અગ્નિથી, તડકા વિગેરેથી એમ અનેક પ્રકારે પૃથ્વીકાયના જીવોની હિંસા નિરંતર થયા જ કરે છે.

મ્હેલ, બંગલો કે મુકામ આદિ બનાવવા સમરાવવા વિગેરે અનેક કાર્યોમાં સચિત્ત પૃથ્વીકાયનો ઉપયોગ થાય છે. તેમાં પૃથ્વીકાયના જીવોની પણ પારાવાર હિંસા થાય છે, એટલું જ નહીં પણ તે જીવોની સાથે વેરભાવ બંધાય છે. માટે જેમ બને તેમ પૃથ્વીકાયની હિંસા ઓછી થાય એ રીતે સૌએ વર્તવું જોઇએ.

પૃથ્વીકાયની સંપૂર્ણ અહિંસા–દયા તો સંસારત્યાગી અને પંચમહાવ્રતધારી એવા સાધુ–સાધ્વીઓ જ પાળી શકે છે. ભલેને સંસારી જીવો, સંપૂર્ણ અહિંસા–દયા ન જ પાળી શકતા હોય તો પણ સર્વ કાર્યમાં જયણા–ઉપયોગ રાખી જેમ બને તેમ ઓછામાં ઓછી હિંસાની પ્રવૃત્તિ કરવી જોઇએ. સંસારવર્તી સર્વ ભાઈ–બ્હેનોએ પૃથ્વી કાયના જીવોની હિંસાથી બચવા માટે અહર્નિશ સતત પ્રયત્ન કરવો જોઇએ, અને જયણાપૂર્વક ઉપયોગ રાખવો જોઇએ.

## (૨) પાણીમાં જીવસિદ્ધિ

અપ્કાય એટલે પાણીના જીવો આપણે જયાં સચિત જળ

છે ત્યાં દૃષ્ટિ કરીશું તો તેમાં પણ જીવ છે, એ નીચેના કારણોથી સમજાશે.

(૧) મનુષ્યના શરીરની જેમ શીયાળામાં કુવા વગેરેનું જળ–પાણી ઉષ્ણ રહે છે. અર્થાત્ જ્યારે બહારના વાતાવરણમાં ઠંડી હોય છે ત્યારે અંદરના ભાગમાં ગરમી જણાય છે, તેમ પાણીમાં પણ શિયાળામાં ઘણા પાણી ગરમ રહે છે.

શિયાળામાં આપણે પશ્ચિમ દિશા તરફ ઉભા રહીને જોઇએ, તો તે જળાશયોમાંથી વરાળનો જથ્થો ઉંચે ચડતો દેખાશે. શિયાળો હોવા છતાં પણ વરાળનું ઉર્ધ્વગમન, એ દેહથી ઉષ્ણતા સિવાય સંભવે નહિં. માટે જ જળમાં પણ જીવ છે એ સાબિત થાય છે.

(૨) આકાશમાં રહેલા વાદળોમાં સંયોગ મળતાં પાણીની ઉત્પત્તિ થાય છે કારણે તેનું છેદન–ભેદન પણ થાય છે. શરીર તેનું ઠંડુ હોય છે. તેમાં ઉષ્ણસ્પર્શ પણ સમયે હોય છે.

(૩) હાથણીના ગર્ભાશયમાં હાથીનો ગર્ભ પ્રથમ પ્રવાહી (કલલ) રૂપે હોય છે. હાથીનું કલલ જેમ શસ્ત્રથી અનુપહત સજીવદ્રવ્ય (પ્રવાહી) રૂપ દ્રવ્ય છે, તેમ પાણી પણ છે.

તે કલલ રુપે પ્રવાહી હોવા છતાં પણ જેમ તેમાં હાથીનો જીવ છે તેમ પાણી પ્રવાહી હોવા છતાં પણ તે સચેતન–સજીવ છે.

(૪) કોઈપણ પક્ષીએ શરુઆતમાં મૂકેલાં ઇંડામાં પ્રવાહી-રુપે જેમ પક્ષીનો જીવ હોય છે, તેમ પાણી પણ પ્રવાહી છતાં સચેતન હોઈ શકે છે.

ઉક્ત એ કારણોથી સમજી શકાય કે **પાણી**માં પણ જીવ છે. મૂત્ર-પેશાબ અને દૂધ વગેરેનું પ્રવાહીપણું અચેતન હોવા છતાં પણ, જીવના પ્રયોગ વિના તો તે થતું જ નથી. પારાનું પ્રવાહીપણું અચેતન હોવા છતાં પણ, જીવના પ્રયોગ વિના તો તે થતું જ નથી. પારાનું પ્રવાહીપણું વિલક્ષણ રુપે હોવાથી તે પૃથ્વી છે પણ અપ્કાય નથી. એજ પ્રમાણે પેટ્રોલ-ગાસ્તેલ વગેરેમાં પણ સમજી લેવું.

'**સિદ્ધપદાર્થ વિજ્ઞાન** ' એ નામનું પુસ્તક અલ્હાબાદ ગવર્ન્મેંટ પ્રેસમાં છપાયેલું ઘણા વર્ષોથી બહાર પડેલું છે જેમાં **કેપ્ટન સ્કોર્સબીએ** સૂક્ષ્મદર્શક યંત્રથી એક પાણીના બિન્દુમાં ૩૬૪૫૦ જીવો હાલતા ચાલતા જોયા, તેનું ચિત્ર આપેલ છે. ' **શ્રી જૈન** શ્રેયસ્કર મંડળ-મહેસાણા ' તરફથી પ્રકાશિત થયેલ '**જીવ-વિચાર**' એ પુસ્તિકામાં પણ તે જ ચિત્ર મૂકવામાં આવેલ છે.

તેમાં પોરા વગેરે ૩૬૪૫૦ જીવો હાલતા ચાલતા જે દેખાય છે તે તો પાણીમાં ઉત્પન્ન થયેલા બે ઇાન્દ્રય જીવો છે. પાણીના જીવો તે નથી. જળના જીવોનું શરીર તો જળ જ છે-પાણીના જીવોનું શરીર તો પાણી જ છે. આપણે સચિત જળ જે જોઇએ છીએ તે જળ પોતે અસંખ્ય જીવોના અસંખ્ય શરીરોના સમૂહરુપ છે.

## અપ્કાયના અનેક ભેદો

અપ્કાયના અનેક ભેદો નીચેની ગાથા પરથી સમજાશે.

**भोमंतरिक्खमुदगं, ओसा-हिम-करग-हरितणू-महिया।**
**हुंति घणोदहिमाई भेयाणेगा य आउस्स ॥ ५ ॥"**

[ जीवविचार प्रकरणे ]

ઉક્ત એ ગાથામાં જણાવેલ અપૂકાયના ભેદોનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે.

(૧) ભૂમિનું પાણી—એટલે કુવા, વાવ તથા ડુંગરાળ નદી વગેરેનું. કુવામાં સરવાણીથી .પાણી આવે છે, માટે તે શિરાજળ કહેવાય છે.

(૨) આકાશનુ પાણી—એટલે વર્ષાદનું જળ. તેને અન્તરિક્ષજળ કહેવામાં આવે છે.

(૩) ઓસનું પાણી—એટલે ઝાકળ. એ લોકમાં પ્રસિદ્ધ છે.

(૪) હિમનું પાણી-એટલે બરફ. એ પણ લોકમાં પ્રસિદ્ધ છે.

(૫) કરાનુ પાંણી—એટલે કરા. એ પણ લોકમાં પ્રસિદ્ધ છે.

(૬) હરિતણુંનું પાણી—એટલે સસ્નેહ જમીનમાંથી ચૂસાઈ લીલી વનસ્પતિના અગ્ર ભાગ પર ફૂટી નીકળેલ બિંદુઓ રુપે ભૂમિના ભેજનું પાણી. અર્થાત્ લીલી વનસ્પતિ ઉપર જામેલ જળબિંદુઓ.

(૭) મહિયાનુ પાણી-એટલે ધુમ્મસ. એ પણ લોકમાં પ્રસિદ્ધ છે.

(૮) ઘનોદધિ—ઘન એટલે ઘાટો અને ઉદધિ એટલે દરીયો. અર્થાત્ થીજેલા ઘી જેવું ઘાટું પાણી. તે સાત પૃથ્વી નીચે સાત મોટા નક્કર જલપિંડ છે તથા કેટલાક દેવવિમાનોની નીચે પણ નક્કર જલપિંડ છે કે જેના ઉપર સાત પૃથ્વીઓ અને દેવવિમાનો રહેલાં છે.

ઉપરોક્ત એ સર્વે અને તે સિવાય અમુક વર્ણ–ગંધ–રસ–સ્પર્શ ઇત્યાદિ ભેદથી પણ અપૂકાયના ભેદ અનેક પ્રકારના છે. ( ૫ )

શ્વેત જળ અને કૃષ્ણ જળ ઇત્યાદિનો પણ સમાવેશ આ અપ્કાયમાં જ સમજવો. એ સર્વભેદ બાદર અપ્કાયના જ જાણવા. સૂક્ષ્મ અપ્કાયના એવા કોઇ પણ ભેદ હોઇ શકતા નથી.

## અપ્કાયના પ્રકાર—

અપ્કાય બે પ્રકારે છે. સૂક્ષ્મ અપ્કાય અને બાદર અપ્કાય. સૂક્ષ્મ અપ્કાય ચર્મચક્ષુથી અદૃશ્ય છે. અને બાદર અપ્કાય ચર્મચક્ષુથી દૃશ્ય છે. આપણી કોઈ પણ પ્રવૃત્તિથી સૂક્ષ્મ અપ્કાયની હિંસા થતી નથી, પણ બાદર અપ્કાયની હિંસા થાય છે. સૂક્ષ્મ અપ્કાયનું માનસિક હિંસા જન્ય પાપ લાગતું હોવાથી, તેનાથી બચવા માટે હિંસા ન કરવાની પ્રતિજ્ઞા કરવાની રહે છે.

સૂક્ષ્મ અપ્કાયના જીવો લોકમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે. અર્થાત્ ચૌદેય રાજલોકમાં તે જીવો વ્યાપીને રહેલા છે. બાદર અપ્કાયના જીવો ત્રણેય લોકમાં હોય છે. બાર દેવલોક અને સાત નારક પૃથ્વીઓમાં પણ તેઓ વર્તે છે.

એ બાદર અપ્કાય પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકારે સમજવા. તેમાં જે જીવ આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોચ્છ્વાસ–એ ચાર પર્યાપ્તિઓ પૂરી કર્યા પછી મૃત્યુ પામે તે એકેન્દ્રિય બાદર અપ્કાય પર્યાપ્ત જીવ સમજવો. અને એ ચાર પર્યાપ્તિઓ પૈકી પ્રથમની ત્રણ પર્યાપ્તિઓ પૂરી કરી ચોથી પર્યાપ્તિ પૂર્ણ કર્યા વિના જ એ જીવ મૃત્યુ જો પામે તો એકેન્દ્રિય બાદર પૃથ્વીકાય અપર્યાપ્ત જીવ સમજવો.

એજ રીતે સૂક્ષ્મ અપ્કાયના જીવો પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકારે જાણવા.

## અપ્કાયનો આકાર અને દેહની ઉંચાઈ-

અપ્કાયનો આકાર પરપોટા જેવો છે. તેનું શરીર અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું છે. સૂક્ષ્મ અપ્કાય જીવોના શરીરો ઘણા એકત્રિત થવા છતાં દેખી શકાતા નથી, પણ બાદરજીવોના શરીરો એકત્રિત થવા છતાં દેખી શકાય છે. સચિત્ત પાણીના એક બિંદુમાં રહેલા પાણીના જીવો જો પારેવા (કબૂતર) જેવડું પોતાનું શરીર કરે, તો તે શરીર આખા એક લાખ યોજન પ્રમાણ એવા જંબૂદ્વીપમાં પણ સમાઇ શકે નહીં.

## અપકાય જીવોનું આયુષ્ય

બાદર અપ્કાય જીવોનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્તનું, અને ઉત્કૃષ્ટ આયુષ્ય સાત હજાર વર્ષનું હોય છે.

નિર્વ્યાઘાત સ્થાને રહેલ સ્થિર અપ્કાય જીવોનું એ સાત હજાર વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય સમજવું, પણ શેષ સ્થાનમાં રહેલ અસ્થિર-ચળ અપ્કાય જીવોનું નહિં.

મધ્યમ આયુષ્ય બાદર અપ્કાય જીવોનું વચળા ગાળાનું જાણવું. સૂક્ષ્મ અપ્કાય જીવોનું તો આયુષ્ય માત્ર મધ્યમ અંતર્મુહૂર્ત (ઓછામાં ઓછું ૨૫૬ આવલિકા) જેટલું જ હોય છે.

## અપ્કાય જીવોની યોનિ સંખ્યા

જગતમાં જીવ યોનીઓની સંખ્યા કુલ ૮૪ લાખની છે. તે પૈકી અપ્કાય એટલે પાણીના જીવોની સાત લાખ યોનિઓ છે. જુઓ ‘ સાત લાખ અપ્કાય ’ તે સર્વ સંવૃત યોનિઓ કહેવાય છે. વળી અપ્કાયની સાત લાખ કુલ કોડી છે.

## અપ્કાય જીવોની સ્વકાય સ્થિતિ

**પ્રશ્ન**–અપ્કાય જીવ અપ્કાયમાં જ ક્યાં સુધી ઉત્પન્ન થઈ શકે ? અને મૃત્યુ પામી શકે ?

**પ્રત્યુત્તર**–અપ્કાય જીવ સ્વકાય સ્થિતિમાં એટલે અપ્કાયમાંજ અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી પર્યંત ક્રમશઃ ઉત્પન્ન થઇ શકે અને ક્રમશઃ મૃત્યુ પામી શકે છે.

અપ્કાય જીવની એ ઉત્કૃષ્ટ સ્વકાય સ્થિતિની મર્યાદા જણાવી. જઘન્ય સ્વકાય સ્થિતિની મર્યાદા જઘન્યથી બે અંતમુહૂર્તની જાણવી.

## અપ્કાય જીવોમાં પ્રાણની સંખ્યા—

પ્રાણ એટલે જીવન. જીવનું જીવન તે પ્રાણ કહેવાય છે. દ્રવ્યપ્રાણ દશ છે. તે આ પ્રમાણે—

(૧) સ્પર્શેન્દ્રિય, (૨) રસનેન્દ્રિય, (૩) ઘ્રાણેન્દ્રિય, (૪) ચક્ષુરિન્દ્રિય, (૫) શ્રોત્રેન્દ્રિ, (૬) મનબળ, (૭) વચનબળ, (૮) કાયબળ, (૯) શ્વાસોચ્છ્વાસ અને (૧૦) આયુષ્ય.

પૃથ્વીકાય જીવોમાં ઉક્ત એ દશ પ્રાણ પૈકી માત્ર ચાર જ પ્રાણ હોય છે.

[૧] સ્પર્શનેન્દ્રિય, ( ચામડી ), [૨] શ્વાસોચ્છ્વાસ, [૩] કાયબળ, અને [૪] આયુષ્ય.

ઉક્ત એ ચાર પ્રાણ જ્યાં સુધી અપ્કાયમાં વર્તે છે ત્યાં

સુધી તે સજીવન કહેવાય છે. અને એ ચાર પ્રાણ ચાલ્યા જતા તે નિર્જીવ બને છે.

## સચિત્ત અને અચિત્ત જળ

સચિત્તજળ સ્વયં સ્થાવર જીવરુપ છે. તેમાં પોરા વગેરે જે દેખાય છે તે અપ્કાયજીવો નથી, પણ બે ઇન્દ્રિય વગેરે જીવો છે. ગરણા વિગેરે સાધનદ્વારા પાણી બરાબર ગળવાથી તેમાં પોરા વગેરે બેઇન્દ્રિય જીવો રહેતા નથી, પણ પાણીના જીવો તો તેમાં વિદ્યમાન છે.

આ સચિત્ત પાણીને અગ્નિદ્વારા ઉષ્ણ–ગરમ કરતાં, બરાબર ત્રણ ઉકાળા આવવાથી અપ્કાયના–પાણીના જીવો ચ્યવી જાય છે અને નવા ઉત્પન્ન થતા નથી. તેથી કરીને તે પાણી અચિત્ત કહેવાય છે.

આવા ત્રણ ઉકાળાવાળા પાણીનો કાળ ઉનાળામાં પાંચ પહોરનો, શિયાળામાં ચાર પહોરનો, અને ચોમાસામાં ત્રણ પહોરનો હોય છે. ત્યાં સુધી જ તે પાણી અચિત્ત રહી શકે છે, પછી તો પાણી સચિત્ત થાય છે.

જો એ અચિત્ત પાણી સચિત્ત થતાં પહેલાં તેમાં ચૂનો નાખવામાં આવે, તો એ પાણી બીજા ચોવીશ પહોર સુધી પણ અચિત્ત રહી શકે છે. નિર્જીવ–અચિત્ત આહાર–પાણી ગ્રહણ કરવાના નિયમવાળા એવા સંસારત્યાગી સાધુ મહાત્માઓ અને સાધ્વીજી મહારાજાઓ ઉપયોગપૂર્વક તે જાળવી શકે છે. સચિત્ત જળનો સંઘટ્ટો એટલે સ્પર્શ પણ ન થઇ જાય તેમાં તેઓ સાવધાન રહે છે. કદાચ કારણવશાદ્ સચિત્ત જળનો

સ્પર્શ પણ થઇ જાય તો આલોયણ-પ્રાયશ્ચિત્ત લઇને શુદ્ધ થાય છે. વ્રતધારી શ્રાવક-શ્રાવિકાઓ પણ એમ જ કરે છે. આમ કરવાથી જીવદયા પાળી શકાય છે અને અપ્કાય જીવોની વિરાધનાથી બચાય છે.

પાણી પણ ઘીની જેમ પરિમિત વાપરવાનું હોય છે. એ વાત ભૂલવી ન જોઇએ. પાણીનો ઉપયોગ નહાવા, ધોવા, અને પીવા વિગેરેમાં અત્યંત જયણા પૂર્વક કરવો. મકાનો બાંધવા વિગેરે કાર્યોમાં પણ પાણીનો ઘણોજ દુરુપયોગ થાય છે, માટે વિવેકી જનોએ એવા સર્વ અનિવાર્ય કાર્યોમાં પણ ઉપયોગ અને જયણા રાખવી જોઈએ.

આપણે અપ્કાયના જીવો તરફ દૃષ્ટિ કરીશું તો જણાશે કે-અપ્કાયના જીવોની કેટલી બધી હિંસા થાય છે. તેને લઇને તે જીવોને ઘણાં જ દુઃખો ભોગવવાં પડે છે.

સૂર્યના તાપથી, અગ્નિથી, રસોઈ કરવાથી, બરફ કરવાથી, પીવાથી, સ્નાનાદિક કરવાથી, વસ્ત્રો ધોવાથી, પાણી ઢોળવાથી, પાણીમાં ચાલવાથી, સ્ટીમરો-વહાણો આદિ સાધનોથી એમ અનેક પ્રકારે પાણીના જીવોની હિંસા થાય છે.

પાણીમાં ત્રણ પ્રકારના જીવો હોય છે. જુઓ—

(૧) પાણીના અસંખ્યાતા જીવો, (૨) પાણી જ્યાં હોય ત્યાં લીલફુગ પણ હોય જ, અને તેમાં અનંતા જીવો, તથા (૩) ત્રસજીવો ૨-૩-૪-૫ ઇન્દ્રિયોવાળા જળચર જીવો.

પાણીની હિંસા કરવાથી તે સંખ્યાતા ત્રસ જીવો, અસંખ્યાતા પાણીના જીવો અને અનંતા લીલફુગના જીવો મરણ

પામે છે. તેનું પાપ હિંસા કરનારને લાગે છે. માટે જેમ બને તેમ પાણીનો અલ્પ ઉપયોગ કરવો જોઈએ.

સંસારત્યાગી પંચમહાવ્રતધારી એવા સાધુ–સાધ્વીઓ જ સંપૂર્ણ પાણીની હિંસાથી બચી શકે છે. બાકી તો સંસારવર્તી મનુષ્યો સંપૂર્ણ હિંસાથી બચી શકતા નથી જ. માટે સંસારવર્તી સર્વ ભાઇ–બ્હેનોએ અપૂકાય જીવોની હિંસાથી બચવા માટે, અહર્નિશ સતત પ્રયત્ન કરવો જોઇએ, અને પાણી વાપરવામાં જયણાપૂર્વક ઉપયોગ રાખવો જોઇએ.

## [૩] અગ્નિમાં જીવસિદ્ધિ

અગ્નિકાય–એટલે અગ્નિના જીવો. આપણે જ્યાં અગ્નિ છે ત્યાં દૃષ્ટિ કરીશું તો તેમાં પણ જીવ છે, એ નીચેના કારણોથી સમજાશે.

(૧) તેઉકાય એટલે અગ્નિના જીવો. મનુષ્ય વિગેરેના શરીરમાં સહજ ગરમી–ઉષ્ણતા હોવાથી તે જેમ સજીવન કહેવાય છે તેમ અગ્નિ પણ સ્વયં ઉષ્ણ હોવાથી સજીવ કહેવાય છે.

(૨) આપણને આહાર આદિ મળે તો જ આપણે જીવી શકીયે છીએ તેમ અગ્નિકાય–દીપક આદિને પણ તેલ વગેરે મળે તો જ તે બળી શકે છે અને જીવી શકે છે. તેને તેલ વગેરે ન મળતાં તુરત જ તે બુઝાઈ જાય છે.

(૩) જેમ મનુષ્ય ઉપજીવક વાયુથી જ જીવી શકે છે અને તેના સિવાય તે મરણને શરણ થાય છે તેમ અગ્નિ પણ ઉપજીવક વાયુથી જ પ્રકાશિત રહે છે અને તેના વિના તે બુઝાઇ–ઓલવાઇ જાય છે.

(૪) આગીયા, પતંગીયા વિગેરેમાં પ્રકાશ, અને મનુષ્યાદિકના શરીરમાં સહજ ગરમી-ઉષ્ણતા જેમ જીવ પ્રયોગદ્વારા સંભવિત છે તેમ અગ્નિનો પ્રકાશ અને ઉષ્ણતા પણ જીવ પ્રયોગથી જ સાધ્ય છે. તે ઉષ્ણતા અને પ્રકાશ છેદ્ય, ભેદ્ય પણ છે. સૂર્યની ગરમી અને પ્રકાશ પણ જીવ પ્રયોગથી જ છે.

(૫) અગ્નિને લાકડાં આદિનું સાધન-ખોરાક મળતાં તે મનુષ્ય વિગેરેની જેમ વૃદ્ધિ પામે છે-વધે છે.

(૬) અગ્નિની જવાળા નીચે ન પ્રસરતાં ઉંચે ચડે છે. પવન અનુકૂળ હોય તો તે વધે છે, અથવા ઓલવાઇ જાય છે. પાણી વગેરેના સાધનથી પણ તે બુઝાઇ-ઓલવાઈ જાય છે.

(૭) ઘર્ષણાદિકના કારણથી પણ અગ્નિ ઉત્પન્ન થાય છે.

ઇત્યાદિ અનેક કારણોથી સમજી શકાય છે કે-**અગ્નિમાં પણ જીવ છે.**

આ રીતે અગ્નિકાય સ્વયં અસંખ્ય જીવોના અસંખ્ય શરીરોના સમૂહરુપ છે.

## અગ્નિકાયના અનેક ભેદો—

અગ્નિકાયના અનેક ભેદો નીચેની ગાથા પરથી સમજાશે.

**" इंगाल–जाल–मुम्मुर, उक्कासणि–कणग–विज्जुमाइया ।**
**अगणि–जियाणं मेया, नायव्वा–निउण–बुद्धिए ॥ ६ ॥**

[ जीयविचार प्रकरणे ]

ઉક્ત એ ગાથામાં જણાવેલ અગ્નિકાયના ભેદોનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે.

(૧) ઇંગાલ—એટલે અંગારા. સળગતા કોલસા વિગેરે.

(૨) જાલ—એટલે અગ્નિ સાથે સમ્બન્ધવાળી જવાલા-અગ્નિની શીખા. જેને ભટકો કહેવામાં આવે છે તે.

(૩) મુમ્મુર—એટલે ભઠ્ઠીયા ભરસાકમાં અસ્પષ્ટ ધુંધવાતો જે અગ્નિ તે. અર્થાત્ અગ્નિના કણીયા-તણુખાંવાળો ભાઠો.

(૪) ઉક્કા—એટલે આકાશમાં થતા અગ્નિનો ઉલ્કાપાત. અર્થાત્ આકાશમાં લાંબા લાંબા અગ્નિના પટ્ટા જે દેખાય છે તે.

(૫) અશનિ—એટલે આકાશમાંથી ખરતા-પડતા તણુખા. (જે આકાશી તણુખા કહેવાય છે તે) શત્રુ પર ફેંકાતા વજ્રમાંથી ઝરતો અગ્નિ.

(૬) કણુગ—એટલે આકાશમાંથી ખરતા તારા જેવા જણાતા અગ્નિના કણીયા.

(૭) વિજ્જુમ્—એટલે વિજળી. ચોમાસામાં આકાશમાં ઝબકતી હોય છે તે.

આ વિજળીમાં એટલો બધો તેજપુંજનો જથ્થો હોય છે કે-તેનો એક સૂક્ષ્મકણુ તેલની મશાલ કરતાં પણુ વિશેષ તીવ્ર હોય છે.

આ વિજળીને જો વ્યવસ્થિત રીતે બરાબર પકડી લેવામાં આવે તો તેનાથી સમસ્ત જગતમાં વર્ષોના વર્ષો સુધી દીવા બાળી શકાય.

આ આકાશી વિજળી જેમ સચિત્ત છે તેમ મશીનથી

ઉત્પન્ન કરવામાં આવતી વિજળી અને તેના દીવા પણ સચિત્ત છે.

આ સમ્બન્ધમાં **શ્રી જૈન શ્રેયસ્કર મંડળ–મહેસાણા તરફથી** પ્રકાશિત થયેલ '**જીવવિચાર પ્રકરણ**' ની પુસ્તિકા જોવા ભલામણ છે.

આ ઉપરાંત, સૂર્યકાંતમણિથી ઉત્પન્ન થતો અગ્નિ, વાંસ વિગેરેના ઘસારાથી તથા અરણિ વગેરેના સ્વજાતીય બે કકડાના ઘસારાથી ઉત્પન્ન થતો અગ્નિ, અને ચકમકને લોખંડ સાથે ઘસવાથી ઉત્પન્ન થતો અગ્નિ ઇત્યાદિ અનેક જાતના અગ્નિ હોય છે. એ સર્વનો સમાવેશ ગાથામાં જણાવેલ 'आइया' એ પદથી સમજવો.

ઉપરોક્ત એ સર્વ ભેદ બાદર અગ્નિકાયના જ જાણવા. સૂક્ષ્મ અગ્નિકાયના એવા કોઈ પણ ભેદ હોઇ શકતા નથી.

## ( અગ્નિકાયના પ્રકારાદિ )

અગ્નિકાય બે પ્રકારે છે. સૂક્ષ્મ અગ્નિકાય અને બાદર અગ્નિકાય. સૂક્ષ્મ અગ્નિકાય ચર્મચક્ષુથી અદશ્ય છે, અને બાદર અગ્નિકાય ચર્મચક્ષુથી દૃશ્ય છે. આપણી કોઇ પણ પ્રવૃત્તિથી સૂક્ષ્મ અગ્નિકાયની હિંસા થતી નથી, પણ બાદર અગ્નિકાયની હિંસા થાય છે. સૂક્ષ્મ અગ્નિકાયનું માનસિક હિંસા જન્ય પાપ લાગતું હોવાથી, તેનાથી બચવા માટે હિંસા ન કરવાની પ્રતિજ્ઞા કરવાની રહે છે.

સૂક્ષ્મ અગ્નિકાયના જીવો લોકમાં ઠાંસી ઠાંસીને ભરેલાં છે.

અર્થાત્ ચૌદેય રાજલોકમાં તે જીવો વ્યાપીને રહેલા છે. બાદર અગ્નિકાયના જીવો તિર્ચ્છાલોકમાં અને તે મનુષ્યક્ષેત્રમાં જ હોય છે. અન્યત્ર નહીં.

એ બાદર અગ્નિકાય પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકારે સમજવો. તેમાં જે જીવ આહાર, શરીર, ઇન્દ્રિય, અને શ્વાસોચ્છ્વાસ–એ ચાર પર્યાપ્તિઓ પૂરી કર્યા પછી મૃત્યુ પામે તે એકેન્દ્રિય બાદર અગ્નિકાય પર્યાપ્ત જીવ સમજવો. અને એ ચાર પર્યાપ્તિઓ પૈકી પ્રથમની ત્રણ પર્યાપ્તિઓ પૂરી કરી ચોથી પર્યાપ્તિ પૂર્ણ કર્યા વિના જ એ જીવ મૃત્યુ જો પામે તો તે એકેન્દ્રિય બાદર અગ્નિકાય અપર્યાપ્ત જીવ સમજવો. એજ પ્રમાણે સૂક્ષ્મ અગ્નિકાયના જીવો પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકારે જાણવા.

## અગ્નિકાયનો આકાર અને દેહની ઉંચાઇ—

તેઉકાય એટલે અગ્નિકાયનો આકાર સોયના જત્થા જેવો છે. તેનું શરીર અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું છે. સૂક્ષ્મ અગ્નિકાય જીવોના શરીરો ઘણા એકત્રિત થવા છતાં દેખી શકાતા નથી, પણ બાદર જીવોના શરીરો એકત્રિત થવા છતાં દેખી શકાય છે. અગ્નિના એક તણખામાં અસંખ્યાતા જીવો છે. તે જીવો જો ખસખસના દાણા જેવડી કાયા કરે તો એક લાખ યોજનના જંબુદ્વીપમાં પણ સમાય નહીં.

## અગ્નિકાય જીવોનું આયુષ્ય

બાદર અગ્નિકાય જીવોનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ અહોરાત્રિનું, અને બાકીનું વચળા ગાળાનું મધ્યમ હોય છે.

સૂક્ષ્મ અગ્નિકાય જીવોનું તો આયુષ્ય માત્ર મધ્યમ અંતર્મુહૂર્ત ( ઓછામાં ઓછું ૨૫૬ આવલીકા) જેટલું જ હોય છે.

## અગ્નિકાય જીવોની યોનિ સંખ્યા—

જગતમાં જીવયોનિઓની સંખ્યા કુલ ૮૪ લાખની છે. તે પૈકી તેઉકાય-અગ્નિકાય એટલે અગ્નિના જીવોની સાત લાખ યોનિઓ છે. જુઓ—

'સાત લાખ તેઉકાય'. તે સર્વ સંવૃત યોનિઓ કહેવાય છે. વળી તેઉકાય-અગ્નિ કાયની ત્રણ લાખ કુલ કોડી છે.

## અગ્નિકાય જીવોની સ્વકાય સ્થિતિ—

પ્રશ્ન—અગ્નિકાય જીવ અગ્નિકાયમાં જ કયાં સુધી ઉત્પન્ન થઇ શકે? અને મૃત્યુ પામી શકે?

પ્રત્યુત્તર—અગ્નિકાય જીવ સ્વકાય સ્થિતિમાં એટલે અગ્નિકાયમાં જ અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી પર્યંત ક્રમશઃ ઉત્પન્ન થઇ શકે છે અને ક્રમશઃ મૃત્યુ પામી શકે છે. અગ્નિકાયનીએ ઉત્કૃષ્ટ સ્વકાય સ્થિતિની મર્યાદા જણાવી. જઘન્ય સ્વકાયસ્થિતિની મર્યાદા જઘન્યથી એ અંતર્મુહૂર્તની જાણવી.

## અગ્નિકાય જીવોમાં પ્રાણની સંખ્યા—

અગ્નિકાય જીવોમાં દશ પ્રકારના દ્રવ્ય પ્રાણ પૈકી માત્ર ચાર જ પ્રાણ હોય છે. તે આ પ્રમાણે—

[૧] સ્પર્શેન્દ્રિય (ચામડી), [૨] શ્વાસોચ્છ્વાસ, [૩] કાય-બળ, અને [૪] આયુષ્ય.

ઉક્ત એ ચાર પ્રાણુ જ્યાં સુધી અગ્નિકાયમાં વર્તે છે ત્યાં સુધી તે સજીવન કહેવાય છે. અને એ ચાર પ્રાણુ ચાલ્યા જતાં તે નિર્જીવ એટલે જીવરહિત બને છે.

આપણે અગ્નિકાય જીવો તરફ દ્રષ્ટિ કરીશું તો જણાશે કે–અગ્નિકાય જીવોની કેટલી બધી હિંસા થાય છે. તેને લઈને તે જીવો કેટલા દુઃખી હોય છે.

પાણીથી અગ્નિના જીવો મરણ પામે છે, રેતી-ધૂળ વિગે-રેથી અગ્નિના જીવો મૃત્યુ પામે છે, અને ઘણુ વિગેરે શસ્ત્રોના પ્રહારથી અગ્નિના જીવો મૃત્યુ પામે છે.

સંસારત્યાગી પંચમહાવ્રતધારી એવા સાધુ-સાધ્વીઓ જ સંપૂર્ણ અગ્નિકાય જીવોની હિંસાથી બચી શકે છે. બાકી તો સંસારવર્તી મનુષ્યો અગ્નિકાય જીવોની હિંસાથી સંપૂર્ણ બચી શકતા નથી. તેઓને તો પાણી ગરમ કરવામાં અને રસોઈ આદિ અનેક કાર્ય કરવામાં તથા શસ્ત્ર વિગેરે બનાવવામાં અગ્નિની હિંસા કરવી પડે છે. માટે તેમાં તેઓએ અતિ ઉપ-યોગ રાખવો જોઈએ અને જરા પણ કારણ વિના નકામી અગ્નિકાયની હિંસા કરવી ન જોઈએ.

## [૪] વાયુ-પવનમાં જીવસિદ્ધિ—

વાયુ એટલે પવનમાં પણ જીવ છે, એ નીચેના કારણોથી સમજાશે.

(૧) વાયુ સ્વયંગાત સ્વભાવવાળો છે. અર્થાત્ કોઈની પ્રેરણા વિના આમતેમ તે ગમન કરે છે, એ જ તેનું સચેતનપણું સિદ્ધ કરે છે.

(૨) જેમ કોઈ દેવની સહાયતાથી અથવા અંજનાદિકના યોગથી મનુષ્ય અદૃશ્ય રહી શકે છે, તેમ વાયુ પણ તેવા પ્રકારની રૂપ પરિણતિને યોગે અદૃશ્ય રહી શકે છે.

આવા અદૃશ્યવાયુની પણ આપણને થતા સ્પર્શ વગેરેથી તેની અસ્તિતા-વિદ્યમાનતા જાણી શકાય છે.

ઇત્યાદિ કારણોથી સમજી શકાય છે કે-**વાયુમાં પણ જીવ છે.** આ રીતે વાયુકાય સ્વયં અસંખ્ય જીવોના અસંખ્ય શરીરોના સમૂહરૂપ છે.

## વાયુકાયના અનેક ભેદો—

વાયુકાયના અનેક ભેદો નીચેની ગાથા પરથી સમજાશે.

**"उब्भामग–उक्कलियां, मंडलि–मह–सुद्ध–गुंज–वाया य ।**
**घण–तणु—वायाईया, भेया खलु वाउ—कायस्स ॥७॥"**

[ जीवविचारप्रकरणे ]

ઉક્ત એ ગાથામાં કહેલ વાયુકાયના ભેદોનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે.

(૧) **ઉદ્ભ્રામક**-એટલે ઉંચે ભમતો. અર્થાત્. જે વાયુ ઊંચે ચઢતા વાય તે. આ ઉદ્ભ્રામક વાયુ ઘાસ વગેરેના તણખલાને ઊંચે ભમાવે છે, અને પોતાના ચક્રાવામાં સંડોવે છે, સંવર્તક વાયુ તરીકે પણ જેનું બીજું નામ પ્રસિદ્ધ છે.

(૨) ઉત્કલિક–એટલે નીચે ભમતો. અર્થાત્ જે નીચે નીચે ભમતો થોડી થોડી વારે રહી રહીને વાય, તથા રેતી વગેરેમાં રેખાઓ જે પાડે તે. આ ઉત્કલિક વાયુથી ધુળમાં રેખાઓ પડે છે. તે દૃષ્ટિથી જોઈ શકાય છે.

(૩) મંડલિ–એટલે વંટોળીયો, જે ચક્રાવા ખાતો વાય છે તે.

(૪) મહ–એટલે મહાવાયુ. જે વૃક્ષાદિકને પણ ઉખેડી નાખે તે. અર્થાત ઘણા ગાઉ સુધી આકાશમાં ધુળ ચડે છે તે, કે જેને આંધિ કહેવામાં આવે છે.

[ મહના સ્થાનમાં મુહ પણ પાઠ આવે છે. તેથી કરીને તેનો 'મુખમાંથી નીકળતો વાયુ' એ અર્થ પણ સમજવો.]

(૫) શુદ્ધ–એટલે મંદ મંદ વાતો વાયુ તે.

(૬) ગુંજ–એટલે ગુંજારવ ઘુઘવાટા કરતો જે વાયુ તે, અર્થાત્ ઘણા અવાજપૂર્વક જે વાય તે.

(૭) ઘનવાત–ઘન એટલે ઘાટો અને વાત એટલે વાયુ. દેવવિમાનો અને નારકભૂમિઓની નીચે રહેલો ઘનોદધિની નીચે અસંખ્યાત યોજનના જાડા પિંડવાળો નિશ્ચલ જે વાયુ તે.

(૮) તનુવાત–તનુ એટલે પાતળો અને વાત એટલે વાયુ. ઉપરોક્ત જણાવેલ ઘનવાતની નીચે રહેલો પાતળો અને નિશ્ચલ જે વાયુ તે.

ઈત્યાદિ અનેક વાયુકાય જીવોના ભેદો છે. (૭) ઉપરોક્ત એ ભેદો અને વર્ણાદિકથી ઉત્પન્ન થતા ભેદો, એ સર્વ બાદર વાયુકાયના સમજવા. સૂક્ષ્મ વાયુકાયના એવા કોઇ ભેદ નથી.

## વાયુકાયના પ્રકારાદિ

વાયુકાય બે પ્રકારે છે. સૂક્ષ્મ વાયુકાય અને બાદર વાયુકાય. સૂક્ષ્મ વાયુકાય ચર્મચક્ષુથી અદૃશ્ય છે. બાદર વાયુકાય ચર્મચક્ષુથી. અદૃશ્ય હોવા છતાં પણ આપણને તેના શીત કે ઉષ્ણસ્પર્શથી તેની વિદ્યમાનતા જણાય છે.

આપણી કોઈપણ પ્રવૃત્તિથી સૂક્ષ્મ વાયુકાયની હિંસા થતી નથી, પણ બાદર વાયુકાયની હિંસા થાય છે. સૂક્ષ્મ વાયુકાયનું માનસિક હિંસા જન્ય પાપ લાગતું હોવાથી, તેનાથી બચવા માટે હિંસા ન કરવાની પ્રતિજ્ઞા કરવાની રહે છે.

સૂક્ષ્મ વાયુકાયના જીવો લોકમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે. અર્થાત્ ચૌદેય રાજલોકમાં તે જીવો વ્યાપી રહેલા છે. એજ પ્રમાણે બાદર વાયુકાયના જીવો પણ આખા લોકમાં હોય છે.

એ બાદર વાયુકાય પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકારે સમજવો. તેમાં જે જીવ આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોચ્છવાસ-એ ચાર પર્યાપ્તિઓ પૂરી કર્યા પછી મૃત્યુ પામે તે એકેન્દ્રિય બાદર વાયુકાય પર્યાપ્ત જીવ સમજવો. અને એ ચાર પર્યાપ્તિઓ પૈકી પ્રથમની ત્રણ પર્યાપ્તિઓ પૂરી કરી ચોથી પર્યાપ્તિ પૂર્ણ કર્યા વિના જ એ જીવ મૃત્યુ પામે તો તે એકેન્દ્રિય બાદર વાયુકાય અપર્યાપ્ત જીવ સમજવો.

એજ પ્રમાણે સૂક્ષ્મ વાયુકાયના જીવો પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકારે જાણવા.

## વાયુકાયનો આકાર અને દેહની ઉંચાઇ

વાયુકાયનો આકાર પતાકા-ધજા જેવો છે. તેનું શરીર

અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું છે. સૂક્ષ્મ વાયુકાય જીવોના શરીરો ઘણા એકત્રિત થવા છતાં દેખી શકતા નથી. બાદર વાયુકાય જીવોના શરીરો એકત્રિત થવા છતાં પણ દેખી શકાતા નથી, વાયુકાયમાંથી એકેકો જીવ નીકળીને વડના બીજ જેવડી કાયા કરે તો એક લાખ યોજન પ્રમાણ જંબૂદ્વીપમાં સમાય નહીં.

## વાયુકાય જીવોનું આયુષ્ય

બાદર વાયુકાય જીવોનું જઘન્ય આયુષ્ય અંત મુંહુર્તનું, ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ હજાર વર્ષનું, અને બાકીનું વચળા ગાળાનું મધ્યમ હોય છે.

સૂક્ષ્મ વાયુકાય જીવોનું તો આયુષ્ય માત્ર મધ્યમ અંત-મુંહુર્ત (ઓચ્છામાં ઓચ્છું ૨૫૬ આવલીકા) જેટલું જ હોય છે.

## વાયુકાય જીવોની યોની સંખ્યા

જગતમાં જીવયોનિઓની સંખ્યા કુલ ૮૪ લાખની છે. તે તે પૈકી વાયુકાય જીવોની સાત લાખ યોનિઓ છે. જુઓ—'સાત લાખ વાયુકાય' તે સંવૃત્ત યોનિઓ કહેવાય છે. વળી વાયુકાયની સાત લાખ કુલ કોડી છે.

## વાયુકાય જીવોની સ્વકાય સ્થિતિ

પ્રશ્ન—વાયુકાય જીવ વાયુકાયમાં જ કયાં સુધી ઉત્પન્ન થઈ શકે ? અને મૃત્યુ પામી શકે ?

પ્રત્યુત્તર—વાયુકાય જીવ સ્વકાય સ્થિતિમાં એટલે વાયુકાયમાં જ અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી પર્યંત ક્રમશઃ ઉત્પન્ન

થઈ શકે છે અને ક્રમશઃ ઉત્પન્ન થઈ શકે છે અને ક્રમશઃ મૃત્યુ પામી શકે છે. વાયુકાય જીવની એ ઉત્કૃષ્ટ સ્વકાય સ્થિતિની મર્યાદા જણાવી જઘન્ય સ્વકાયસ્થિતિની મર્યાદા જઘન્યથી એ અંતર્મુહૂર્તની જાણવી.

## વાયુકાય જીવોમાં પ્રાણની સંખ્યા

વાયુકાયજીવોમાં દશ પ્રકારના દ્રવ્ય પ્રાણ પૈકી માત્ર ચાર ૪ પ્રાણ હોય છે. તે આ પ્રમાણે—

[૧] સ્પર્શેન્દ્રિય (ચામડી), [૨] શ્વાસોચ્છવાસ, [૩] કાય-બળ અને [૪] આયુષ્ય.

ઉક્ત એ ચાર પ્રાણ જ્યાં સુધી વાયુકાયમાં વર્તે છે ત્યાં સુધી તે સજીવન-જીવસહિત કહેવાય છે. અને એ ચાર પ્રાણ ચાલ્યા જતાં તે નિર્જીવ એટલે જીવરહિત બને છે.

આપણે વાયુકાયના જીવો તરફ દૃષ્ટિ કરીશું તો તેઓ દેખાશે નહીં, પણ તેઓની હિંસા તો જરૂર થાય છે. તેને લઇને તે જીવોને અત્યંત દુઃખ ભોગવવું પડે છે.

હાલવા-ચાલવાની, ગમનાગમન કરવાની, પંખા નાખવાથી, હીંચકા ખાવાથી, ઉઘાડે મુખે બોલવાથી, આરંભ-સમારંભા-દિકના કાર્યો કરવાથી, ઇત્યાદિ અનેક પ્રકારે જીવ હિંસા થાય છે.

માટે વાયુકાયની હિંસા જેમ બને તેમ ઓછી થાય તે રીતે ઉપયોગ રાખવો જોઇએ.

## [૫] વનસ્પતિમાં જીવસિદ્ધિ

### વનસ્પતિકાય એટલે વનસ્પતિના જીવો.

આપણે જ્યાં વનસ્પતિ છે ત્યાં દૃષ્ટિ કરીશું તો તેમાં પણ છે, એ નીચેના કારણોથી સમજાશે.

[૧] જેમ મનુષ્યાદિકને અનુકૂળ ખોરાક આદિ મળે તો તે વધે છે અને ન મળે તો તે મૃત્યુ પામે છે, તેમ વનસ્પતિને પણ અનુકૂળ પાણી-વાયુ વગેરે મળતાં તે વધે છે અને ન મળતાં તે સુકાઈ જાય છે-ખલાસ થઇ જાય છે; માટે વનસ્પતિમાં પણ જીવ છે એ વાત સિદ્ધ થાય છે.

[૨] જેમ મનુષ્ય પાંચ ઇન્દ્રિયોથી શબ્દ-રૂપ-ગંધ-રસ-સ્પર્શને જાણી શકે છે, તેમ વનસ્પતિકાય જીવો બાહ્યઇન્દ્રિય માત્ર એક જ સ્પર્શેન્દ્રિય હોવા છતાં પણ પાંચેય ઇન્દ્રિયોનો વિષય અનુભવતા જણાય છે.

શાથી ? કે-પ્રત્યેક એકેન્દ્રિયજીવોને બાહ્યઇન્દ્રિય એક જ હોવા છતાં અભ્યંતર ભાવેન્દ્રિયો પાંચેય હોવાથી, તે વનસ્પિતિકાય જીવો પાંચે ઇન્દ્રિયોનો વિષય અનુભવી શકે છે.

[૩] જેમ મનુષ્યમાં બાલ્યાવસ્થા, યુવાનાવસ્થા અને વૃદ્ધાવસ્થા હોય છે, તેમ વનસ્પતિમાં પણ એ ત્રણ અવસ્થા હોય છે. અર્થાત બાલ્યાવસ્થા, યુવાનાવસ્થા અને વૃદ્ધાવસ્થા એ ત્રણેય વનસ્પતિમાં વિદ્યમાન છે. અને તે ક્રમસઃ મનુષ્યની માફક ઘટી શકે છે.

[૪] જેમ મનુષ્યાદિકને નિષ્ય આયુષ્ય હોય છે, તેમ વનસ્પતિને પણ નિયત આયુષ્ય અવશ્ય હોય છે.

[૫] જેમ મનુષ્યાદિકને જન્મ, વૃદ્ધિ, મરણ, રાગ-પ્રેમ, હર્ષ, લજ્જા, ભય, મૈથુન, ક્રોધ, માન, માયા, લોભ, રોગ, આહાર, નિંદ્રા અને જાગ્રત અવસ્થા તથા ઓઘ સંજ્ઞા વિગેરે હોય છે; તેમ વનસ્પતિકાયના જીવોને પણ હોય છે. અર્થાત્ એ સર્વ મનુષ્યાદિકની માફક તેઓ અનુભવે છે. જુઓ—

[૧] જન્મ-વાવવાથી વનસ્પતિ ઉગે છે. સાધારણ વનસ્પતિકાયના ટુકડા કરીને વાવે તો પણ તે ઉગે છે. ચોમાસામાં-અનેક પ્રકારની વનસ્પતિ એકાએક ચારેય તરફ ઉગી જાય છે, માટે તે જન્મે છે.

[૨] વૃદ્ધિ-પ્રત્યેક વનસ્પતિ જન્મે-ઉગે એટલે અંકુરારૂપે પ્રગટ થાય થાય. ત્યારપછી ડાળા, પાંદડાથી વૃદ્ધિ પામે છે, માટે તે વધે છે.

[૩] મરણ-પ્રત્યેક વનસ્પતિ જન્મ્યા પછી નિયત આયુષ્ય પૂર્ણ થયે, તથા હિમાદિકના આઘાત લાગવાથી સુકાઈ ગયે છતે મૃત્યુ-મરણ પામે છે. અર્થાત્ તે મરે છે.

[૪] રાગ-પ્રેમ-પગમાં ઝાંઝર પહેરીને કોઇ સ્ત્રી જ્યાં અશોકાદિ વૃક્ષો છે ત્યાં જાય, અને ઝાંઝરના ઝમકાર સહિત પોતાના પગની પાટુ તેને લગાવે તો તે અશોક, ફણસ વગેરે વૃક્ષો ફળે છે. આથી વનસ્પતિમાં પણ રાગ-પ્રેમ છે એ જણાઈ આવે છે.

[૫] હર્ષ-હર્ષને લઇને અકાળે પણ કેટલીક વનસ્પતિઓના

ફુલ અને ફળ ખીલી ઉઠે છે. આથી વનસ્પતિમાં પણ હર્ષ છે એ સમજી શકાય છે.

[૬] લજ્જા–લજ્જાળુ નામની વનસ્પતિ ના વેલ થાય છે. તેને અડતાં–સ્પર્શ કરતાં કુલીન સ્ત્રીની જેમ તે કરમાઈ જાય છે, અને થોડીવાર પછી મૂળસ્થિતિમાં પુનઃ તે આવી જાય છે. આથી વનસ્પતિમાં લજ્જા પણ છે. એ લજ્જાળુ વેલમાં દેખાય જ છે.

[૭] ભય–એ પણ ઉપર જણાવેલ લજ્જાળુવેલમાં જણાય છે.

[૮] મૈથુન–કેટલાક વૃક્ષો, યુવાન સ્ત્રીના આલિંગનથી, હાવ–ભાવ અને કટાક્ષથી તથા તેના મુખમાં રહેલ તાંબુલ છાંટવાથી તત્કાળ ફળે છે. તે વનસ્પતિમાં પણ મૈથુન સંજ્ઞા છે એ વાત સિદ્ધ કરે છે. પોપૈયા પ્રમુખમાં નર અને માદા બંને પ્રકારનાં વૃક્ષો હોય છે. નરનો પરાગ જ્યારે માદા ફુલમાં પડે ત્યારે જ તેને ફળ આવે છે. આથી જ વાડી બગીચામાં વિગેરે કામ કરનાર માળી વગેરેને માદા વૃક્ષની પાસે નર વૃક્ષ વાવવું પડે છે. વળી કેટલા એક પાણીના પુષ્પોના નરના પરાગ ઉપરથી પાણીમાં પડતાં જ માદા પુષ્પ એકદમ પાણીની બહાર નીકળી નરના પરાગને ચૂસીને પાછું પાણીમાં ચાલ્યું જાય છે. ઈત્યાદિ અનેક મૈથુનસંજ્ઞાના પુરાવા વનસ્પતિમાં મળી શકે છે.

[૯] ક્રોધ–ક્રોધને લઈને કોકનદનું વૃક્ષ–ઝાડ હુંકારાનો અવાજ કરે છે. એ વનસ્પતિમાં રહેલ ક્રોધને જણાવે છે.

[૧૦] માન–અભિમાનને લઈને રુદંતી નામની વેલ પાણીના

બિન્દુ-ટીંપા ઝરાવે છે. તેનાથી સુવર્ણ-સોના સિદ્ધિ થાય છે. તે રુદંતીવેલમાંથી જે જળના બિન્દુઓ ઝરે છે તે એમ સૂચવે છે કે-'વિશ્વમાં મારી વિદ્યમાનતા હોવા છતાં, નિર્ધનલોકોનો સંભવ જ કેમ રહે ?' અર્થાત્ વિશ્વમાં કોઇ નિર્ધન ન હોવું જોઇએ. આ જાતનું કેમ જાણે તે રુદંતીવેલને અભિમાન છે, એવો તેનો ભાવ ઉત્પેક્ષવામાં આવે છે. આથી વનસ્પતિમાં પણ માન-અભિમાન જણાઈ આવે છે.

[૧૧] માયા-વનસ્પતિના ઘણા વેલાઓ માયાને લઇને પોતાના ફળોને પાંદડાથી ઢાંકી રાખી, તેને છૂપાવવાનો પ્રયત્ન કરે છે.

આથી વનસ્પતિમાં માયા પણ છે એ જણાઇ આવે છે.

[૧૨] લોભ-લોભને લઇને ધોળા આંકડાના, ખાખરાના અને અને બિલીવૃક્ષ વિગેરેના મૂળ ભૂગર્ભમાં-ભોંયમાં રહેલા ધનના નિધિઓ ઉપર ફેલાઇ જાય છે. આથી વનસ્પતિમાં લોભ પણ છે એ દેખાઇ આવે છે.

[૧૩] રોગ-મનુષ્યાદિકને જેમ ક્ષય, સોજા પાડું, ઉદર વૃદ્ધિ વિગેરે અનેક રોગો ઉત્પન્ન થાય છે, અને ઔષધોપચારથી મટે છે; તેમ વનસ્પતિકાયજીવોને પણ ઘણા રોગો હવા, પાણી અને ખોરાક વિગેરેના વિકારથી ઉત્પન્ન થાય છે, અને તેવા ઔષધોપચારથી મટી પણ જાય છે.

આ બાબતમાં બગીચા-વાડી વગેરેના માળી ખુબ જ માહીતગાર હોય છે.

આથી વનસ્પતિમાં પણ અનેક રોગો ઉત્પન્ન થાય છે, અને ઔષધદ્વારા શમી જાય છે, એમ જણાઈ આવે છે.

[૧૪] **આહાર–ખોરાક**–મનુષ્યાદિકને જેથ આહાર–પાણી આદિ મળે તો જ તે વધે છે અને જીવી શકે છે, તેમ વનસ્પતિને પણ પાણી ખાતર વિગેરે આહાર મળે તો જ તે વધે છે અને જીવી શકે છે. નહીતર તે વનસ્પતિ સુકાઈને મરણ પામે છે. વળી મનુષ્યને જેમ દોહલો ઉત્પન્ન થાય છે, તેમ વનસ્પતિને પણ દોહલો ઉત્પન્ન થાય છે. જુઓ—નાગરવેલીને છાણ અને દૂધનો દોહલો ઉત્પન્ન થાય છે. જ્યારે તેના પર છાણ નાખવામાં આવે અને દૂધ રેડવામાં આવે ત્યારે જ તેના પત્ર, પુષ્પ, ફળ અને રસાદિક વૃદ્ધિ પામે છે–વધે છે. વનસ્પતિ ચોમાસામાં વિશેષ સારી રીતે આહાર કરે છે. ઉનાળામાં મધ્યમ આહાર કરે છે, અને શિયાળામાં હેમન્તથી થોડો થોડો કરતાં વસંતમાં અલ્પ આહાર કરે છે.

આથી વનસ્પતિ પણ આહારાદિ લે છે, એ જણાઇ આવે છે.

[૧૫] **નિંદ્રા અને જાગ્રત અવસ્થા**—સૂર્યવિકાશી અને ચંદ્રવિકાશી વિગેરે કમળો, અંબાડી આદિના ફૂલો, અને પુંઆઠ તથા આંબલી વિગેરે વૃક્ષો, અમુક સમયે સંકોચાય છે–બીડાય છે અને અમુક સમયે વિકસ્વર થાય છે એટલે ખીલે છે.

આથી વનસ્પતિમાં નિંદ્રા અને જાગ્રત અવસ્થા બન્ને છે એમ આપણને માલુમ પડે છે.

[૧૬] **ઓઘસંજ્ઞા**—વનસ્પતિના વેલાઓ ગમે તે સ્થળે ઉગ્યા હોય, છતાં ચડવા માટે વાડ અને વૃક્ષ વિગેરે તરફ સ્વાભાવિક પોતાની મેળે વળે છે, તેના ઉપર ચડે છે, તથા વીંટાય છે. એ વનસ્પતિમાં ઓઘ સંજ્ઞાને જણાવે છે. વળી વેલાઓ ફળ આવે એટલે સુકાવા માંડે, અમુક છોડવાઓ ફળ આવે એટલે સુકાવા માંડે, અને કોઈ વૃક્ષ પણ અમુક વર્ષ ફળ આપીને સુકાવા માંડે, એ સર્વસ્વ વનસ્પતિમાં જીવની સાબિતી કરી આપે છે.

(૯) જેમ ભમરાઓ વાંસ વિગેરેમાં છીદ્ર-કાંણા પાડવામાં કુશળ છે, મેના-પોપટ-કોયલ આદિ મીઠા શબ્દ બોલવામાં કુશળ છે, અને સુઘરી માળો બાંધવામાં કુશળ છે; તેમ વનસ્પતિ-કાયના જીવો પાંચેય ઇન્દ્રિયોના વિષય ગ્રહણ કરવાની શક્તિમાં કુશળ છે. જુઓ—

[૧] **શબ્દગ્રહણ શક્તિ**—મેઘની ગર્જનાથી કંદલ અને કુંડલ વિગેરે વનસ્પતિઓ પલ્લવિત થાય છે. એ આશ્ચર્યકારક કુશળતા વનસ્પતિમાં રહેલ શબ્દગ્રહણ શક્તિની છે.

[૨] **રૂપગ્રહણ શક્તિ**—વનસ્પતિના વેલાઓ અને વન-સ્પતિની લતાઓ પોતાને ટેકો દેવાના ભીંતો પ્રમુખ આશ્રય તરફ ફરીને વૃદ્ધિ પામે છે-વધે છે.
એ આશ્ચર્યકારક કુશળતા વનસ્પતિમાં રહેલ રુપગ્રહણ શક્તિની છે.

[૩] **ગંધગ્રહણ શક્તિ**—અમુક વનસ્પતિઓ એવા પ્રકારની હોય છે કે, તે ધૂપની સુગંધથીવૃદ્ધિ પામે છે-વધે છે.

એ આશ્ચર્યકારક કુશળતા વનસ્પતિમાં રહેલ ગંધગ્રહણ શક્તિની છે.

[૪] રસગ્રહણ શક્તિ—ઈક્ષુ એટલે શેરડી આદિ કેટલીક વનસ્પતિઓ, જમીનમાંથી મીઠો રસ વિશેષ પ્રમાણમાં ચૂસે છે.

એ આશ્ચર્યકારી કુશળતા વનસ્પતિમાં રહેલ રસગ્રહણ શક્તિની છે.

[૫] સ્પર્શગ્રહણ શક્તિ—લજ્જાળુ આદિ કેટલીક વનસ્પતિઓ એવી છે કે–તેને સ્પર્શ કરવાથી તે સંકોચાઈ જાય છે.

એ આશ્ચર્યકારી કુશળતા વનસ્પતિમાં રહેલ સ્પર્શગ્રહણ શક્તિની છે.

આ ઉપરથી સમજી શકાય છે કે– 'વનસ્પતિમાં જીવ છે.' એ વનસ્પતિ જીવો અન્ય એકેન્દ્રિય જીવોની અપેક્ષાએ પાંચેય ઇન્દ્રિયોના વિષય ગ્રહણ કરવાની શકિત ધરાવવામાં આશ્ચર્યકારક કુશળતા ધરાવે છે.

આ બાબતમાં વર્તમાન વિજ્ઞાન યુગે પણ યંત્રના પ્રયોગોથી વનસ્પતિમાં આપણી જેમ વિવિધ પ્રકારની લાગણીઓની સાબિતીથી તેમાં જીવ હોવાનું કબુલ કર્યું છે. જુઓ—

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ–મહેસાણા તરફથી પ્રકાશિત થયેલ 'જીવ વિચાર પ્રકરણ' એ પુસ્તિકાની પ્રસ્તાવનામાં નીચે પ્રમાણે કહેલું છે.

## આધુનિક વિજ્ઞાન શાસ્ત્રીઓની સજીવસૃષ્ટિ.

સર જગદીશચંદ્ર બોઝનું જીવનકાર્ય એ મથાળાનો એક લેખ પ્રોફેસર કાંતિલાલ છગનલાલ પંડ્યા, એમ. એ. એમણે વીશમી સદીના ત્રીજા પુસ્તકના પહેલા અંકમાં લખ્યો છે.

તેમાં સર જગદીશચંદ્રે પ્રાણીઓ અને વનસ્પતિઓનાં એકતા પ્રયોગો દ્વારા સિદ્ધ કરી છે. તે સમ્બન્ધી કેટલીક હકીકતો આપી છે. તે ખાસ ઉપયોગી જાણી અહીં દાખલ કરી છે. ડાકટર બોઝે—" વનસ્પતિઓનાં અને પ્રાણીઓનાં લક્ષણો ભિન્ન ભિન્ન ગણાતાં હતાં. તેમાંનાં ઘણાં લક્ષણો બન્નેયમાં સમાન છે, તેમ જ લોખંડ જેવી ધાતુઓમાં પણ સજીવ પદાર્થોનાં આ લક્ષણો છે" એમ સિદ્ધ કર્યું છે.

" આપણી પેઠે તેઓ ટાઢથી ઠરી જઇ મુડદાલ થાય છે, હુંફથી તેજીમાં આવે છે, દારૂ જેવા માદક પદાર્થોથી વધારે ચંચળ થાય છે, અથવા ઘેનમાં પડે છે, ખરાબ હવાથી ગુંગળાઇ જાય છે, અતિશ્રમથી થાકી જાય છે, મારવાથી પીડાય છે, બેભાન કરનારી દવાથી મૂર્છા પામે છે, વિજળીથી વિશેષ ચંચળ થાય છે, વર્ષાદથી સુસ્ત થાય છે, સુરજની રોશનીથી સ્ફુર્તિ પ્રગટ કરે છે, અને ઝેર કે બળાત્કારથી પ્રાણ ત્યજે છે, વૃદ્ધિ–ક્ષય, સુખ–દુઃખ, ટાઢ-તડકો, થાક–આરામ, નિંદ્રા–પોઢણ સર્વ આપણી માફક તેઓ પ્રગટ કરે છે. અત્યાર સુધી માત્ર આપણે તેની ભાષા સમજતા નહિ, આપણા નેત્રો એની લાગણીઓ જોઇ શકતી નહિ, તેથી આપણે તેને જડ માનતા હતા, તથા નિર્જીવ કહેતાં હતા. હવે ડા. બોઝે એમને બોલતા કર્યા છે, કહો કે–એમની બોલી આપણને શિખવી છે. વનસ્પ-

તિને એમણે કલમ આપી છે. એ કલમથી જે પત્રો લખાય, તેમાં આ બિચારા હવે પોતાનું હૈયું ઠાલવે છે.

ડૉ. બોઝે એક યંત્ર બનાવ્યું છે. એક ઝીણી રેશમી દોરી વતી છોડવાનાં પાંદડાને એક ન્હાના અને બહુ સારી રીતે ગોઠવેલા લીવરના એક હાથ સાથે જોડવામાં આવે છે. લીવરનો બીજો હાથ એક લાંબો પાતળો સીધો લટકતો તાર હોય છે. પાંદડામાં એવી લગાર પણ ગતિ હોય કે—જે આંખે પણ દેખાય નહિ—તો પણ તે ગતિ આ રચનાથી લીવરદ્વારા તારમાં એટલા ગણી મોટીથાય છે, કે—જેથી તે સ્પષ્ટ સમજી શકાય છે.

તારની નીચેની અણીને જરાક વાળવામાં આવે છે અને તે વળેલી અણી એક મેશથી કાળા કરેલા કાચને અટકેલી રહે છે. એક બાજુથી તે તારને વિજળીક આંદોલનો આપીને ઇચ્છા મુજબ ગતિથી હલાવી શકાય છે. બીજી બાજુથી અમુક ચોક્કસ ગતિથી કાળો કાચ નીચે ઉતરે છે. જ્યાં અને જ્યારે તાર કાચને અટકે છે, ત્યાં અને ત્યારે ઝીણું ટપકું મેશના ઉખડી જવાથી થાય છે.

આ તાર તે વનસ્પતિની કલમ, કાળા કાચ તે પત્ર, અને ટપકાઓ તે તેઓના અક્ષરો.

આ નાજુક યંત્રથી વનસ્પતિની ગૂઢ હિલચાલો તથા હાવભાવો હજારો ગણા મોટા થાય છે. કમળનું ફુલ કે કોબીની ગાંઠ આજ લેખિનીથી પોતાનું આત્મવૃત્ત પ્રગટ કરી શકે છે. સ્નાયુમાત્રનું એ એક લક્ષણ છે, કે-જ્યાં સુધી તે સજીવ હોય, ત્યાં સુધી એને વિજળીનો ધક્કો લાગતાં તે એકદમ સંકોચાય છે. વનસ્પતિમાં આવા આંચકા અને સંકોચો એટલા બારીક

હોય છે, કે-આ યંત્રથી વિપુલ થાય છે, ત્યારે જ તે પકડાય છે. આપણા સ્નાયુ જેમ મહેનતથી થાકી જાય છે, અને થાક ઉતર્યા પછી જ ફરી મહેનત કરી શકે છે. વનસ્પતિને જ્ઞાનતંતુ છે, હૃદય છે, તેની વૃદ્ધિ થાય છે, અને તેનું મરણ પણ થાય છે.

આ બધા પ્રયોગો તેમણે અનેક વનસ્પતિ ઉપર યંત્રો દ્વારા અજમાવ્યા છે. ( વિશેષ જિજ્ઞાસુઓએ આખો લેખ વાંચવા જેવો છે. )

ડૉ. બોઝે યંત્રદ્વારા કરેલ સંશોધન અને સજીવન સ્થાવર વનસ્પતિ આદિમાં જણાવેલ નિર્ણયાત્મક જીવની સિદ્ધિ આજના વૈજ્ઞાનિકયુગમાં સૌને આશ્ચર્યમુગ્ધ કરી દે તેવી છે.

જૈનધર્મે જણાવેલ સ્થાવરમાં જીવસિદ્ધિને નિશ્ચયાત્મક પૂરવાર કરી આપે તેવી છે.

સજીવન સ્થાવરમાં જીવને નહીં સ્વીકારનાર માનવને સાચું ભાન કરાવનારી, અને તેમાં પણ જીવ છે::એમ યુક્તપૂર્વક સહર્ષ કબૂલ કરાવે તેવી છે.

ઉકત એ કારણોથી સમજી શકાય છે કે-વનસ્પતિમાં પણ જીવ છે. તે સચેતન-સજીવન છે.

## વનસ્પતિકાયના અનેક ભેદો

વિશ્વની સર્વ જીવ રાશિઓ કરતાં વનસ્પતિકાય જીવોમાં એક વિચિત્ર ભેદ જણાય છે. ત્યારે બીજા જીવોના એક શરીરમાં એક જીવ આત્મા હોય છે, ત્યારે કેટલાક વનસ્પતિકાય જીવો એવા છે કે—તેના એક જ શરીરમાં અનંતા જીવો—આત્માઓ રહેલા હોય છે.

આવા અનંતાજીવોનું એક જ શરીર તે સાધારણ શરીર કહેવાય છે. તેની પ્રસિદ્ધિ સાધારણ વનસ્પતિ કાય તરીકે છે. અને પ્રત્યેક આત્માનું પ્રત્યેક શરીર હોય તે પ્રત્યેક શરીર કહેવાય છે તેની પ્રસિદ્ધિ પ્રત્યેક વનસ્પતિ કાય તરીકે છે.

આ રીતે વનસ્પતિકાય જીવોના મુખ્ય બે ભેદો શાસ્ત્રમાં વર્ણવ્યા છે.

આને અંગે જીવવિચાર પ્રકરણની આઠમી ગાથા એ વાતને સિદ્ધ કરે છે. જુઓ—

"साहारण—पत्तेया, वणस्सइ—जीवा दुहा सुए भणिया ।
जेसिमणंताणं तणू, एगा साहारणा ते उ ॥ ८ ॥"

અર્થ :—વનસ્પતિકાય જીવો શાસ્ત્રમાં બે પ્રકારે-સાધારણ અને પ્રત્યેક કહ્યા છે. અને જે અનંતા જીવોનું એક શરીર તેઓ સાધારણ છે. (૮)

એ સાધારણ વનસ્પતિકાય જીવોના કેટલાક નામો નીચેની નવમી અને અને દશમી ગાથામાં જણાવે છે.

"कंदा अंकुर—किसलय,—पणगा—सेवाल भूमिफोडा य ।
अल्लयतिय—गज्जर—मोत्थ,—वत्थुला—थेग पल्लंका ॥९ ।
कोमल—फलं च सव्वं, गूढ—सिराइं सिणाइ—पत्ताइं ।
थोहरि-कुंआरि-गुग्गुलि,-गलोय-पमुहाइ छिन्नकहा ॥१०॥"

ઉક્ત એ બંને ગાથામાં જણાવેલ કેટલાક સાધારણ વનસ્પતિકાયનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે.

[૧] કંદ—જેમાં સૂરણ વિગેરે વજ્રકંદ, પદ્મિનીકંદ આદિ જમીનકંદો આવે છે તે.

[૨] અંકુર—એટલે અંકુરા-ફણગા.

[૩] કિસલય—એટલે કુંપળો—ટીશીઓ. નવા કુણાં પાન.

[૪] પનક—એટલે પંચવર્ણી નીલ ફુગ. જે કાષ્ટ વિગેરે પદાર્થોમાં ફુગ વળે તે.

[૫] સેવાલ—જે પાણી ઉપર લીલ વળે છે તે.

[૬] ભૂમિફોડા—એટલે બિલાડીના ટોપ. વર્ષાઋતુમાં જે દંડયુક્ત છત્રાકારે ઉગે છે તે.

[૭] અલ્લયતિય—એટલે આર્દ્રકત્રિક=લીલાં ત્રણ. અર્થાત્ લીલી સૂંઠ, લીલી હળદર અને લીલા કચુરો એ આર્દ્રકત્રિક કહેવાય છે. એ ત્રણે જો કે સચિત્ત અનંતકાય છે, છતાં પણ એ ત્રણે સુકાના પછી અચિત્ત બનતાં ઔષધ તરીકે વાપરી શકાય છે. જ્યારે બીજી અનંતકાય વનસ્પતિઓ સુકવીને પણ વાપરી શકાતી નથી.

[૮] ગજ્જર—એટલે ગાજર. તે લોકમાં પ્રસિદ્ધ છે.

[૯] મોત્થ—એ એક જાતની અનંતકાય વનસ્પતિ છે. જળાશયને કિનારે જ્યારે પાકે ત્યારે તે કાળા રંગની થાય છે.

[૧૦] વત્થુલા—એ એક જાતની અનંતકાય વનસ્પતિ છે. લોકમાં તે વત્થુલા ભાજી તરીકે પ્રસિદ્ધ છે.

[૧૧] થેગ—આ પણ એક જાતની અનંતકાય વનસ્પતિ છે. ચોમાસામાં અનેક સ્થળે તે વેચાય છે. થેગીપોંક થાય છે.

[૧૨] પલ્લંકા—એટલે પાલખું એક જાતની તે અનંતકાય વનસ્પતિ છે. ભાજી તરીકે તેની પ્રસિદ્ધિ છે.

[૧૩] કોમલફલ—એટલે સર્વજાતિનાં કુણાં ફળ. જેમાં બીજ ન થયેલ હોય તેવાં.

[૧૪] ગુપ્ત નસોવાળા શણાદિક પત્ર—એટલે છાની નસોવાળાં શણ વિગેરેને પાંદડાં. અમુક દેશમાં પીલુડીના વૃક્ષને શિણ કહે છે તે.

[૧૫] થોહરિ—એટલે થોર. જે હાથલા, દાંડલીયા, ત્રણચાર ધારવાળા થાય છે તે. આ થોરને કાપી નાખવા છતાં ફરીથી ઉગી શકે છે.

[૧૬] કુંઆરિ—એટલે કુંવાર. જે લાંબા લાંબા લાબરાં થાય છે તે. આને કુમારી, કુમારીપાઠું-કુમારી લાબરું પણ કહે છે.

[૧૭] ગુગ્ગુલિ—એટલે ગુગલ. તેના વૃક્ષો થાય છે. તેનો રસ ગુગલ દવા-ઔષધમાં વપરાય છે. લોકમાં તે પ્રસિદ્ધ છે.

[૧૮] ગળો—લીંબડા ઉપર તથા વાડો ઉપર જે વીંટાય છે તે. તેનું સત્ત્વ દવા-ઔષધમાં વપરાય છે. લોકમાં તે પ્રસિદ્ધ છે.

ઈત્યાદિ એ સર્વ અનંતકાય-સાધારણ વનસ્પતિકાય છે. અને 'છિન્નરુહા' એટલે કાપી નાખવા છતાં ફરીથી જે ઉગે તે પણ અનંતકાય છે.

ઉક્ત એ અનંતવનસ્પતિકાયના નામો ઉપરાંત પણ કેટલાક વિશેષ અનંતકાય જીવો નીચે પ્રમાણે છે.—

(૧) સૂરણ
(૨) શકરીયા
(૩) મૂળા
(૪) પીલુડીનાં પાંદડાં
(૫) વાંસકારેલા
(૬) અમૃતવેલ
(૭) કુંણી આંબલી
(૮) લસણ
(૯) લવણુક
(૧૦) ડુંગળી
(૧૧) બટાટા
(૧૨) કઠોળ
(૧૩) કાકડાશીંગી
(૧૪) ગિરિકર્ણિકા (ગરમર)
(૧૫) ખીરિશુક
(૧૬) ખીલ્લૂડ
(૧૭) પદ્મિનીકંદ
(૧૮) શુકરવાલ
(૧૯) વજ્રકંદ
(૨૦) લવણવૃક્ષની છાલ
(૨૧) હક્કવત્થુલ
(૨૨) આલુ
(૨૩) પિંડાલુ
(૨૪) કરેડો
(૨૫) થોર
(૨૬) શતાવરી
(૨૭) આંબા
(૨૮) કાંટાળા – ખોરાસણી – ડાંડલીયા–હાથલા વિગેરે
(૨૯) કઠોરના અંકુરા અથવા અંકુરા ફુટેલ કઠોળ
(૩૦) આંબલી આદિના કોઈ પણ કુણાં ફળો
(૩૧) આકડો – લીંબડો – વડ વિગેરે વૃક્ષોના કુંપળો

કોઈ પણ કુંપળ પ્રારંભમાં તો અનંતકાય જ હોય છે. ત્યાર પછી વખતે તે અનંતકાય રહે, કે પ્રત્યેક પણ થાય છે.

ઈત્યાદિ અનંતકાય જીવોના અનેક ભેદો છે. આપણે આ અનંતકાય–સાધારણ વનસ્પતિઓને ઓળખી શકીયે તેને માટે

શાસ્ત્રમાં[1] તેની નિશાનીઓ નીચેની ગાથામાં કહેલી છે. જુઓ–

"गूढ–सिर–संधि–पव्वं, समभंगमहीरगं च छिन्नरुहं ।
साहारणं शरीरं, तव्विवरियं च पत्तेयं ॥ १२ ॥"
[ जीवविचार प्रकरणे ]

આ ગાથાનો અર્થ નીચે પ્રમાણે છે.

જેની નસો, સાંધા અને ગાંઠાઓ ગુપ્ત જણાય, જેને ભાંગતાં એક સરખા બે ભાગ થાય, જેની કાય ભંગ સમયે તાંતણા-રેસા રહિત દેખાય, અને જેને છેદીને-કાપીને વાવ્યું છતાં ફરીથી ઉગનારું હોય, તે (અનંતકાય-) સાધારણ વનસ્પતિકાયનું શરીર છે. તેથી ભિન્ન નિશાનીઓવાળું પ્રત્યેક વનસ્પતિકાયનું શરીર છે. (૧૨)

ઉક્ત એ ગાથામાં અનંતકાય-સાધારણ વનસ્પતિકાયને ઓળખવાની છ નિશાનીઓ બતાવવામાં આવી છે એ ઉપરાંત સિદ્ધાંતમાં-' चक्कागंभज्जमाणस्स ' ઈત્યાદિ ગાથાથી બીજાં પણ લક્ષણો જણાવ્યા છે.

જેને ભાગતાં ચક્રાકાર ભાગ થાય અને ગ્રંથી ઘણી રજવાળી થાય, પૃથ્વી સરિખો ભેદ થાય તે પણ અનંતકાય-સાધારણ વનસ્પતિ જાણવી.

ઉક્ત અનંતકાય-સાધારણ વનસ્પતિકાયના લક્ષણો નીચે જણાવેલ કુંવાર આદિ વનસ્પતિથી સમજાશે.

---

૧ "इच्चाइणो अणेगे, हवंति भेया अणंत कायाणं ।
तेसिं परिजाणणत्थं, लक्खणमेयं सुए भणियं ॥११॥"
[ जीवविचारप्रकरणे ]

(૧) જેમ શેરડીનાં સાંઠામાં નસો, સાંધા અને ગાંઠા સ્પષ્ટ દેખાય છે, તેમ કુંવારમાં એ ત્રણે હોવા છતાં સ્પષ્ટ દેખાતા નથી.

(૨) જેમ એરંડાના પાંદડાં ભાંગીયે તો તેના વાકાચુકાં તથા ખાંચાવાળા કકડા થાય છે, તેમ પીલુનાં પાંદડાંને ભાંગીયે તો તેના વાંકાંચુકાં તથા ખાંચાવાળા કકડા ન થતાં તરત સીધા બે કકડા થાય છે.

(૩) જેમ ગુવારને ભાંગતાં તાંતણા જણાતા નથી, તેમ શકરીયા વિગેરેને ભાંગતાં તાંતણા દેખાતા નથી. ગુવાર પ્રત્યેક વનસ્પતિકાય છે અને શકરીયા સાધારણ વનસ્પતિકાય છે.

(૪) કુંવારને કાપીને અધર લટકાવવામાં આવે તો પણ તે વૃદ્ધિ પામે છે–વધે છે.

(૫) જેમ ચાક ભાંગવાથી બરડ છે, તેમ સાધારણ વનસ્પતિકાય પણ ભાંગતાં બરડ હોય છે.

સાધારણ વનસ્પતિકાય જીવોના એક જ શરીરમાં અનંત જીવો હોવાથી, તેઓના દેહનું બંધારણ પ્રત્યેક વનસ્પતિકાય કરતાં વધારે નાજુક અને વધારે જડ હોય છે. તથા જલ્દી જન્મ પામનારું હોય છે.

આપણે ટમેટું અને બટાટું, અથવા લીંબડાનું મૂળ અને મૂળો, તપાસીએ તો આપણને બન્ને સરખા આકારના લાગવા છતાં તેમાં પણ ભિન્નતા જણાશે.

જ્યારે ટમેટામાં અને લીંબડાના મૂળમાં રેસા અને છાલ કઠણ, તથા તેના જુદા જુદા ખાનાઓમાં બીજના જુમખાં વિગેરે દેખાય છે, ત્યારે બટાટામાં અને મૂળામાં તેવું દેખાતું નથી.

વળી આપણે ડુંગળી અને કોબી તપાસીશું તો તેમાં પણ ભિન્નતા જણાશે.

જ્યારે ડુંગળીના પડ ઉપરા ઉપર હોવા છતાં તેમાં તાંતણાં રેષા દેખાતાં નથી, ત્યારે કોબીના પડ ઉપરા ઉપર હોવા છતાં પણ તેમાં તાંતણાં રેષા દેખાય છે.

એજ બતાવી આપે છે કે પ્રત્યેક વનસ્પતિકાય જીવોના દેહનું બંધારણ જુદું જ હોય છે.

આવા અનંતકાય-સાધારણ વનસ્પતિકાયના એક શરીરનો વિનાશ કરવાથી, સંખ્યાત કે અસંખ્યાત નહીં પણ અનંત-જીવોનો ઘાણ નીકળી જાય છે; એમ સમજી સૌએ તેનો ત્યાગ જીવનપર્યંત જરૂર કરવો જ જોઇએ. કોઇપણ પ્રકારે તેની વપરાશને તિલાંજલી જ દેવી જોઇએ. ધર્મીજીવોએ તથા વિવેકી આત્માઓએ તેનો વ્યાપાર પણ કદી ન જ કરવો જોઇએ, ન જ કરાવવો જોઇએ તથા કરનારને અનુમોદના પણ ન જ કરવી જોઇએ.

હવે આપણે પ્રત્યેક વનસ્પતિકાય જીવો, તેના લક્ષણ અને ભેદ વિચારીયે.

આ સમ્બન્ધમાં નીચેની ગાથા ઉપરથી તેનો ખ્યાલ આવી શકશે. જુઓ—

“एगशरीरे एगो, जीवो जेसिं तु ते य पत्तेया ।
फल— फुल—छल्लि—कट्ठा, मूलग पत्ताणि बीयाणि ॥१३॥
[ जीवविचारप्रकरणे ]

**અર્થ** :–જેઓના શરીરમાં એક જીવ હોય, તે પ્રત્યેક વનસ્પતિકાય કહેવાય છે. ફળ, ફુલ, છાલ, કાષ્ઠ, મૂળ, પાંદડાં અને બીજરૂપે હોય છે. અર્થાત્ એ સાતેમાં દરેકનો જીવ જુદો હોય છે. અને આખા વૃક્ષનો પણ એક જીવ જુદો હોય છે.(૧૩)

પ્રત્યેક વનસ્પતિ અંકુરારૂપે ઊગતાં પ્રારંભમાં અનંતકાય–સાધારણ હોય છે. પછી જો તે પ્રત્યેક વનસ્પતિ જાતની હોય તો પ્રત્યેક બને છે, અને સાધારણ વનસ્પતિ જાતની હોય તો સાધારણરૂપે જ રહે છે.

વળી કેટલીક વનસ્પતિમાં એમ પણ હોય છે, કે તેના મૂળ સાધારણ હોય અને બાકીનો ભાગ પ્રત્યેક હોય છે.

વિશ્વમાં વનસ્પતિ અનેકરૂપે જોવામાં આવે છે. જુઓ— કેટલીક વનસ્પતિઓના વૃક્ષ, છોડ, વેલા અને લતા ભૂમિ સાથે ચોંટીને ઉગેલા હોય છે. કેટલીક વનસ્પતિ ઘાસરૂપે, ગાંઠા ગાંઠારૂપે ઉગેલી હોય છે. કોઈને કણસલા હોય છે, કોઈને ફળ હોય છે, અને કોઈને ફુલ હોય છે. વળી કોઈ વનસ્પતિનું વૃક્ષ મોટું, અને તેનું ફળ નાનું હોય છે. કોઈનું વૃક્ષ નાનું અને તેનું ફળ મોટું હોય છે.

આમ જુદી જુદી રીતે અનેક પ્રકારે વનસ્પતિની વિદ્યમાનતા દષ્ટિગોચર થાય છે.

વનસ્પતિમાં પ્રત્યેક વનસ્પતિકાય પણ ૧૨ પ્રકારે હોય છે. જુઓ—

(૧) **વૃક્ષ**-એટલે આમ્રવૃક્ષ, વટવૃક્ષ વિગેરે.

(૨) ગુચ્છ-એટલે ઘણા ફળનો ગુચ્છો. કપાસ, તુલશી, મરચી અને વૃન્તાકી [રિંગણી] આદિ.

(૩) ગુલ્મ-એટલે એક વેલો જે સ્થાને ઉગ્યો હોય તેજ સ્થાને તે વેલાના મૂળમાં બીજા અનેક વેલા-લતા જૂથ થઇને જે ઉગે તે. એવી જૂથવાળી નવમલ્લિકા આદિ તથા નગોડ, મોગરો વિગેરે ફુલવૃક્ષ.

(૪) લતા-એટલે અશોક, અતિમુક્ત, ચંપક, પુન્નાગ અને મચકુંડ પ્રમુખ પુષ્પોના નિરાશ્રિત વેલા.

(૫) વલ્લી-એટલે કાકડી, કારેલાં, કોળું તુંબડી આદિના વેલા.

(૬) પર્વગા-એટલે ગાંઠો વાવવાથી જે ઉગે તે. શેરડી, વાંસ, સુગંધિવાળો, સેવંતી વિગેરે.

(૭) તૃણ-એટલે ઘાસ. ધ્રો અને ડાભ આદિ.

(૮) વલય-એટલે વળીયાવાળા વૃક્ષો. સોપારી, નાળીએરી, ખજુરી, તમાલ, કેળ અને કેવડો વિગેરે.

(૯) હરિત-એટલે શાક, ભાજી.

(૧૦) ઓષધિ-એટલે બાજરી, ડાંગર, ઘઉં અને જવ વિગેરે.

(૧૧) જલરુહ-એટલે પાણીમાં થતી અનેક પ્રકારની વનસ્પતિઓ. કમળ વિગેરે તથા શેવાળ આદિ.

[ જો કે શેવાળ આદિ સાધારણ વનસ્પતિકાય છે, તો પણ જલરુહના દૃષ્ટાંત તરીકે અહીં તેનો નિર્દેશ કરેલ છે. ]

(૧૨) કુહુણાં–એટલે બિલાડીના ટોપ વિગેરે.

[ આ પણ સાધારણ હોવા છતાં, કેવલ દૃષ્ટાંત સમજવા માટે તેનો અહીં નિર્દેશ કરાયે છે. ]

આ રીતે પ્રત્યેક વનસ્પતિકાય પણ ૧૨ પ્રકારે સમજવી.

કોઈ પણ વનસ્પતિના ૧૦ વિભાગ હોય છે. મૂળ, કંદ, સ્કંધ, છાલ, ડાળી, કાષ્ટ, પત્ર, ફૂળ અને બીજ એ વનસ્પતિનાં દશ અંગ છે.

પ્રથમ (૧) મૂળીયાં, (૨) તેની ઉપર કંદ, (૩) તેની ઉપર સ્કંધ [થડ], (૪) તેથી ઉપર શાખાઓ એટલે ડાળીઓ, (૫) ડાળીઓમાંથી પત્ર–પાંદડાં ફુટે, (૬) અગ્રભાગમાં પુષ્પ–ફુલ આવે, (૭) તેમાંથી ફૂળ ઉત્પન્ન થાય, (૮) ફૂળમાંથી બીજ નીકળે, (૯) વચ્ચે જે કઠણ ભાગ હોય તે કાષ્ટ, અને (૧૦) તેના પર છાલ હોય છે

આ પ્રમાણે કોઈપણ વનસ્પતિના ૧૦ વિભાગ સમજી લેવા.

સાધારણ વનસ્પતિકાય પણ છ રીતે ઉગી શકે છે. તે આ પ્રમાણે—

(૧) મૂળબીજ–જે વનસ્પતિઓનું બીજ (એટલે ઉગવાનું સ્થાન) મૂળમાં હોય તે મૂળબીજ કહેવાય છે. અર્થાત્ ઉત્પલકંદ અને કદલી એટલે કેળ વિગેરેની જેમ જેના મૂળ વાવવાથી ઉગે તે.

(૨) અગ્રબીજ–જે વનસ્પતિઓનું ઉગવાનું સ્થાન પોતાના અગ્રભાગ–પર્યન્તભાગ હોય તે અગ્રબીજ કહેવાય છે.

અર્થાત્ કોરંટક અને નાગવલ્લિ આદિની જેમ જેના અગ્ર-
ભાગ વાવવાથી ઉગે તે.

(૩) સ્કંધબીજ–જે વનસ્પતિઓનું ઉગવાનું સ્થાન પોતાનો સ્કંધ એટલે કાષ્ટભાગ હોય તે સ્કંધબીજ કહેવાય છે. અર્થાત્ શલ્લકી, અરણી અને પારિભદ્ર પ્રમુખની જેમ જેની ડાળ વાવવાથી ઉગે તે.

(૪) પર્વબીજ–જે વનસ્પતિઓનું ઉગવાનું સ્થાન પોતાના પર્વમાં ગાંડામાં હોય તે પર્વબીજ કહેવાય છે. અર્થાત્ શેલડી, વાસ અને નેતર વિગેરેની જેમ જેની ગાંઠો વાવવાથી ઉગે તે.

(૫) બીજરૂહ–જે વનસ્પતિઓ પોતાના બીજમાંથી ઉગી શકે તે બીજરૂહ કહેવાય છે. અર્થાત્ શાલી, ડાંગર, ઘઉં અને મગ આદિની જેમ જેના બીજ વાવવાથી ઉગે તે.

(૬) સમૂર્ચ્છજન–જે વનસ્પતિઓ કોઈ પણ પ્રસિદ્ધ બીજના અભાવે બળેલી ભૂમિમાં પણ પોતાની મેળે જ ઉત્પન્ન થાય તે સમૂર્ચ્છન જ ( સમ્મૂર્ચ્છિમ ) કહેવાય છે. અર્થાત સિંગોડા વિગેરેની જેમ જે વાવ્યા વિના ઉગે તે. ઘાસ વિગેરે વનસ્પતિઓ સમ્મૂર્ચ્છિમ છે.

[ અહીં સમજવા માટે ઉપરોક્ત ઉદાહરણો પ્રત્યેક વનસ્પતિકાયના આપેલ છે. ]

આ રીતે સાધારણ વનસ્પતિકાય પણ છ પ્રકારે ઉગી શકે છે એમ સમજવું.

## વનસ્પતિકાયના પ્રકારાદિ—

વનસ્પતિકાયના મુખ્ય સાધારણ અને પ્રત્યેક એ બે ભેદોનું વર્ણન ઉપર જણાવવામાં આવ્યું.

હવે એ સાધારણ વનસ્પતિકાય સૂક્ષ્મ અને બાદરએ બે ભેદો છે. તેમાં સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયના પણ બે ભેદ છે. એક સાંવ્યાવહારિક રાશિના અને બીજા અસાંવ્યવહારિક રાશિના.

(૧) અનાદિ અસાંવ્યાવહારિક રાશિના સૂક્ષ્મ અનંત સાધારણ વનસ્પતિકાય જીવો કે, જેઓ કદી પણ એ સ્થિતિમાંથી બહાર નીકળ્યા જ નથી તે.

(૨) સાંવ્યાવહારિક રાશિના સૂક્ષ્મ અનંત સાધારણ વનસ્પતિકાય જીવો કે જેઓ પોતાની અનાદિ કાળની સ્થિતિમાંથી બહાર નીકળીને પુનઃ પાછા ત્યાં જ અસાંવ્યાવહારિક જેવી સ્થિતિમાં રહેલા છે, છતાં પણ તેઓ સાંવ્યાવહારિક રાશિના કહેવાય છે તે.

સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય ચર્મચક્ષુથી અદૃશ્ય છે. બાદર સાધારણ વનસ્પતિકાય ચર્મચક્ષુથી દૃશ્ય છે. પ્રત્યેક વનસ્પતિકાય તો બાદર જ હોય છે. અને તે ચર્મચક્ષુથી દૃશ્ય છે.

આપણી કોઇ પણ પ્રવૃત્તિથી સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય જીવોની હિંસા થતી નથી, પણ બાદર સાધારણ વનસ્પતિકાય જીવોની તથા પ્રત્યેક બાદર વનસ્પતિકાય જીવોની હિંસા થાય છે.

સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયનું માનસિક હિંસા જન્ય

પાપ લાગતું હોવાથી, તેનાથી બચવા માટે હિંસા ન કરવાની પ્રતિજ્ઞા કરવાની રહે છે.

સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયના જીવો લોકમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે. અર્થાત્ ચૌદેય રાજલોકમાં તે જીવો વ્યાપીને રહેલા છે. બાદર સાધારણ વનસ્પતિકાયના અને બાદર પ્રત્યેક વનસ્પતિકાયના જીવો બાર દેવલોક અને સાત નારક પૃથ્વીઓમાં હોય છે. એ બાદર સાધારણ વનસ્પતિકાય પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકારે સમજવો. તેમાં જે જીવ આહાર, શરીર, ઇન્દ્રિય, અને શ્વાસોચ્છ્વાસ–એ ચાર પર્યાપ્તિઓ પૂરી કર્યા પછી મૃત્યુ પામે તે એકેન્દ્રિય બાદર સાધારણ વનસ્પતિકાય પર્યાપ્ત જીવ સમજવો. અને એ ચાર પર્યાપ્તિઓ પૈકી પ્રથમની ત્રણ પર્યાપ્તીઓ પૂરી કરી ચોથી પર્યાપ્તિ પૂર્ણ કર્યા વિના જ એ જીવ મૃત્યુ પામે તો તે એકેન્દ્રિય બાદર સાધારણ વનસ્પતિકાય અપર્યાપ્ત જીવ સમજવો.

એજ રીતે સૂક્ષ્મ સાધારણ વનસ્પતિ કાયના જીવો પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકારે જાણવા.

તથા બાદર પ્રત્યેક વનસ્પતિકાયના જીવો પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકારે સમજવા.

## વનસ્પતિકાયનો આકાર અને દેહની ઉંચાઇ

વનસ્પતિકાયનો આકાર વિવિધ પ્રકારનો હોય છે. વિશ્વમાં વનસ્પતિ અનેક પ્રકારની થાય છે. અમૂક વનસ્પતિના મૂળમાં સુરણ વિગેરેની જેમ વિકાશ થયેલો હોય છે. કદલી ( કેળ ) આદિના પાંદડામાં થયેલ વિકાશ જોઈ શકાય છે. કેળમાં તો

તેનું થડ પણ પાંદડાઓનું બનેલું હોય છે. આંબલી વૃક્ષના પાંદડાં બારીક હોવા છતાં પણ, તેનું કાષ્ઠ–લાકડું મજબૂત હોય છે. સાગ વૃક્ષોના થડમાં વિકાશ થવા છતાં પણ, આકડાનું વૃક્ષ નબળું હોય છે.

કોઇ વઙ, થોર, ડાંડલીયો અને ખીજડો ઈત્યાદિમાં ડાળીયોમાં જ્યારે વિકાશ થયો હોય છે, ત્યારે શેરડી અને વાંસ વિગેરે સીધા સ્કંધ (થડ) રૂપે જ હોય છે.

તરબૂચ અને તુંબડી આદિના ફળમાં જ્યારે વિકાશ થતાં મોટા દેખાય છે ત્યારે વડ વિગેરેમાં નાનામાં નાના ફળ અને બીજ દેખાય છે.

કેટલીક વનસ્પતિઓના બીજમાં વિકાશ થતાં બીજ મોટા દેખાય છે. કમળ કાકડી આદિનાં બીજ મોટા હોય છે, અને ખારેક વિગેરેનાં ઠળીઆ મોટા હોય છે. જે આપણે કમળ–કાકડી આદિમાં અને ખારેક વિગેરેમાં નજરે જોઈ શકીએ છીએ.

કોઈ વનસ્પતિના ફળ નાના દેખાય છે. કોઈ વનસ્પતિના ફળ મોટા પણ દેખાય છે. કોઇ વનસ્પતિના ફૂલ નાના દેખાય છે, અને કમળ વિગેરેના ફૂલ મોટા દેખાય છે.

જ્યારે આંબા વિગેરે વૃક્ષોના ફળ મીઠાં હોય છે, ત્યારે કિંપાક પ્રમુખ વૃક્ષોના ફળ ઝેરી હોય છે.

જ્યારે વલ્કલ વિગેરે વૃક્ષોમાં છાલનો વિકાશ થતાં છાલ ઉતરી શકે છે ત્યારે નાળીયેરી આદિ કેટલાક વૃક્ષોની છાલ ઉતરી શકે જ નહીં.

વળી કેટલીક વનસ્પતિઓમાં ભિન્ન ભિન્ન વર્ણ, ભિન્ન ભિન્ન ગંધ, ભિન્ન ભિન્ન રસ અને ભિન્ન ભિન્ન સ્પર્શ હોય છે.

કોઇ કોઇ વનસ્પતિ હિંસક હોય છે. કોઈ કોઈ વનસ્પતિ કામી, ક્રોધી અને લોભી પણ હોય છે. લજ્જાળુ જેવી કોઇ વનસ્પતિ શરમાળ પણ હોય છે. ઇત્યાદિ અનેક પ્રકારની વિવિધતા વનસ્પતિઓમાં રહેલી જણાઇ આવે છે.

મનુષ્યોની માફક વનસ્પતિઓના શરીરની રચના પણ વિચિત્ર પ્રકારની હોય છે. જુઓ—

(૧) બાવળ વિગેરે વૃક્ષોના થડમાં ઉચ્છેર પ્રમાણે કાષ્ઠમાં પડ દેખાય છે.

(૨) નાળીયેરીમા ચોટલી, મોઢું અને બે આંખો દેખાય છે. કેટલાકમાં એક આંખ, બે આંખ અને ત્રણ આંખ અને એથી વધારે પણ જોવામાં આવે છે.

(૩) વૃક્ષ કેટલાવર્ષનું જુનું છે, એ એના થડના વળીયાં પરથી કહી શકાય છે.

(૪) મૂળીયાથી માંડીને ઠેઠ અગ્રભાગ સુધી એક સીધો સંબંધ પણ નિહાળી શકાય છે.

(૫) બીજમાં પણ રસ, માંસ એટલે ગર, ઠળીઓ મજ્જા, ચામડી એટલે છાલ, યોનિ એટલે ઉત્પત્તિ સ્થાન અને મસ્તક એટલે અગ્રભાગ હોય છે.

વળી કેટલીક વનસ્પતિઓમાં આશ્ચર્યકારી વિચિત્રતા જોઇ શકાય છે.

[૧] નાળીયેરીને જટા, [૨] રીંગણાને ટોપી, [૩] સોપારી ઉપર વસ્ત્ર જેવું પડ, [૪] એલચીમાં સુગંધ, [૫] કોબી-પાંદડારૂપ ફળ, [૬] બટાટાફળરુપ મૂળ, અને [૭] મગફળી બીજવાળી-સીંઘરુપ મૂળ, ઇત્યાદિ.

વનસ્પતિકાયનું શરીર અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું છે. ફક્ત પ્રત્યેક વનસ્પતિકાયનું શરીર એક હજાર યોજનથી કંઇક અધિક છે. એક હજાર યોજન ઉંડા ખાડમાં ઉગેલી પદ્મનાળનો ડોડો જે બહાર દેખાય છે, એટલો તે અધિક છે.

ઉક્ત એ કથન તે એક હજાર યોજન ઉંડા જળાશયોમાં તથા અઢી દ્વીપની બહાર આવેલા જળાશયોમાં થતી કમળની નાળો તથા વેલાઓને આશ્રિને સમજવું. તેથી વધારે ઉંચાઇના લક્ષ્મીદેવી વિગેરેના કમળો છે. તેનું વર્ણન શાસ્ત્રમાં આવે છે. તે વનસ્પતિ સ્વરુપે પૃથ્વીકાયના આકારો સમજવા.

## વનસ્પતિકાય જીવોનું આયુષ્ય—

સાધારણ વનસ્પતિકાય જીવોનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય અંતર્મુહૂર્તનું છે. પ્રત્યેક વનસ્પતિકાય જીવોનું પણ જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્તનું છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય દશ હજાર વર્ષનું છે.

## વનસ્પતિકાય જીવોની યોનિ સંખ્યા—

જગતમાં જીવયોનિઓની સંખ્યા કુલ ૮૪ લાખની છે. તે પૈકી પ્રત્યેક વનસ્પતિકાય જીવોની ૧૦ લાખ, અને સાધારણ વનસ્પતિકાય જીવોની ૧૪ લાખ યોનિઓ છે. જુઓ—

'દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય' અને 'ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય' તે સર્વ સંવૃત્ત યોનિઓ કહેવાય છે.

વળી વનસ્પતિકાયની ૨૮ લાખ કુલ કોડી છે.

## વનસ્પતિકાય જીવોની સ્વકાય સ્થિતિ

**પ્રશ્ન**—સાધારણ વનસ્પતિકાય જીવ સાધારણ વનસ્પતિકાયમાં જ કયાં સુધી ઉત્પન્ન થઈ શકે ? અને મૃત્યુ પામી શકે ?

**પ્રત્યુત્તર**—સાધારણ વનસ્પતિકાય જીવ સ્વકાય સ્થિતિમાં એટલે સાધારણ વનસ્પતિકાયમાં જ અનંત ઉત્સર્પિણી અવસર્પિણી પર્યંત ક્રમશઃ ઉત્પન્ન થઈ શકે છે અને ક્રમશઃ મૃત્યુ પામી શકે છે.

**પ્રશ્ન**—પ્રત્યેક વનસ્પતિકાય જીવ પ્રત્યેક વનસ્પતિકાયમાં જ કયાં સુધી ઉત્પન્નથઇ શકે ? અને મૃત્યુ પામી શકે ?

**પ્રત્યુત્તર**—પ્રત્યેક વનસ્પતિકાય જીવ સ્વકાય સ્થિતિમાં એટલે પ્રત્યેક વનસ્પતિકાયમાં જ અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિંણી પર્યંત ક્રમશઃ ઉત્પન્ન થઇ શકે છે, અને કશશઃ મૃત્યુ પામી શકે છે.

સાધારણ અને પ્રત્યેક એ બન્નેની ઉત્કૃષ્ટ સ્વકાય સ્થિતિની મર્યાદા જણાવી. જઘન્ય સ્વકાય સ્થિતિની મર્યાદા જઘન્યથી એ અંતર્મુહુતની જાણવી.

## વનસ્પતિકાય જીવોમાં પ્રાણની સંખ્યા

વનસ્પતિકાય જીવોમાં દશ પ્રકારના દ્રવ્ય પ્રાણ પૈકી માત્ર ચાર જ પ્રાણ હોય છે. તે આ પ્રમાણે—

[૧] સ્પર્શેન્દ્રિય (ચામડી), [૨] શ્વાસોચ્છવાસ [૩] કાળ-બળ, અને [૪] આયુષ્ય.

ઉક્ત એ ચાર પ્રાણ જ્યાં સુધી વનસ્પતિકાયમાં વર્તે છે ત્યાં સુધી તે સચેતન-સજીવન-સચિત્ત કહેવાય છે અને એ ચાર પ્રાણ ચાલ્યા જતાં તે અચેતન–નિર્જીવ–અચિત્ત બને છે.

આપણે વનસ્પતિકાયના જીવો તરફ દૃષ્ટિ કરીશું તો જણાશે કે-વનસ્પતિકાયના જીવોની કેટલી બધી હિંસા થાય છે. તેને લઇને તે જીવોને ઘણાં જ દુઃખો ભોગવવાં પડે છે.

જેમ કોઈ મનુષ્યને આંખે પાટા બાંધી, મોઢે ડૂચો મારી, અને તેના હાથ–પગ બાંધી, તેને ખૂબ મારે; ખૂબ કૂટે અને તેના અંગોપાંગ છેદે–ભેદે તો તે જીવને કેટલું બધું અસહ્ય દુઃખ થવા છતાં પણ તે નથી બોલી શકતો કે નથી નાશી–ભાગી શકતો; તેમ વનસ્પતિકાયના જીવો પણ ઘોર દુઃખો સહન કરે છે.

ગર્ભવંતી સ્ત્રીના પેટ પર પગ મૂકીને ચાલવામાં આવે અને તેને જે દુઃખ થાય તેના કરતાં પણ વનસ્પતિકાય પર પગ મૂકીને ચાલવામાં આવે તો વનસ્પતિકાયના જીવોને વિશેષ દુઃખ થાય છે.

સંસારવર્તી મનુષ્યો કોઇ વૃક્ષને મૂળથી ઉખેડી નાખે છે, કોઈ કાપે છે, કોઇ છાલે છે, કોઇ તેના પત્રો–પાંદડાં તોડે છે. કોઇ તેના પુષ્પો–ફુલો તોડે છે, કોઇ તેના ફળો તોડે છે. વળી કોઇ તેના થડને, કોઇ તેની શાખા–પ્રશાખાને, કોઇ તેની મંજરીને, કોઈ તેના કિસલયને અને કોઇ તેના ઘાસ વિગેરેને કાપે–છેદે છે. શાક વિગેરેને અગ્નિ ઉપર ચડાવે છે. તેનું ભક્ષણ આદિ કરે છે.

આમ મનુષ્યો, પશુઓ અને પક્ષિઓ આ વનસ્પતિકાય જીવોને અતિશય નિર્દયતાથી અત્યંત દુઃખો આપે છે. બિચારા એ વનસ્પતિકાયના જીવો પરાધીનપણે અસહ્ય દુઃખ ભોગવીને મૃત્યુ પામે છે.

આ વનસ્પતિકાયમાં ત્રણ જાતના જીવો હોય છે.

[૧] એક શરીરમાં એક જીવ, [૨] એક શરીરમાં અસંખ્યાતા જીવો, અને [૩] એક શરીરમાં અનંતા જીવો હોય છે.

સંસાર ત્યાગી પંચમહાવ્રતધારી એવા સાધુ-સાધ્વીઓ જ સંપૂર્ણ વનસ્પતિકાયની હિંસાથી બચી શકે છે.

બાકી તો સંસારવર્તી મનુષ્યો સંપૂર્ણ હિંસાથી બચી શકતા નથી જ. માટે સંસાવર્તી સર્વ ભાઇ બ્હેનોએ વનસ્પતિકાય જીવોની હિંસાથી બચવા માટે અહર્નિશ સતત પ્રયત્ન કરવો જોઇએ. તથા વનસ્પતિ વાપરવામાં અલ્પ હિંસા થાય તે રીતે જયણાપૂર્વક ઉપયોગ રાખવો જોઇએ.

## પાંચે સ્થાવરમાં જાણવા લાયક કેટલીક વિશેષ હકીકત

(૧) જ્યારે એકેન્દ્રિય પૃથ્વીકાય, અપૂકાય, વાઉકાય અને વનસ્પતિકાયના જીવોમાં કેટલાક શીતયોનિવાળા, કેટલાક ઉષ્ણયોનિવાળા અને કેટલાક મિશ્ર એટલે શિતોષ્ણયોનિવાળા હોય છે; ત્યારે તેઉક.યના જીવો ઉષ્ણયોનિવાળા હોય છે.

(૨) પાંચે એકેન્દ્રિય સ્થાવરના સર્વ જીવોમાં વજ્રઋષભ નારાચ આદિ છ સંઘયણ પૈકી એક પણ સંઘયણ-સંહનન હોતું નથી.

(૩) પાંચ એકેન્દ્રિય સ્થાવરના સર્વજીવોમાં સમચતુરસ્ર આદિ છ સંસ્થાન પૈકી, માત્ર એક જ છઠ્ઠું હુંડક સંસ્થાન હોય છે.

(૪) પાંચે એકેન્દ્રિય સ્થાવર જીવોમાં પૃથ્વીકાય, અપ્કાય તેઉકાય અને વનસ્પતિકાયના જીવોને; ઔદારિક આદિ પાંચ શરીર પૈકી ઔદારિક-તૈજસ-કાર્મણ એ ત્રણ શરીર હોય છે. તથા વાયુકાયને પણ એ ત્રણ શરીર હોય છે, પરંતુ લબ્ધિ પર્યાપ્તમાંના કેટલાક વાયુકાયને વૈક્રિય શરીર બનાવવાની શક્તિ હોવાથી વૈક્રિય શરીર પણ હોય છે. તેથી કરીને વાયુકાયને ચાર શરીર કહેવાય છે.

(૫) પાંચે એકેન્દ્રિય સ્થાવરમાંથી લબ્ધિ પર્યાપ્ત વાયુકાયનો જીવ જ્યારે ઉત્તર વૈક્રિય શરીર બનાવે ત્યારે તે ઉત્તર વૈક્રિયની પર્યાપ્ત અવસ્થામાં હોય છે. તેથી તેમાં વૈક્રિય કાયયોગ ઘટે છે.

(૬) પાંચે એકેન્દ્રિય સ્થાવરોમાં ચૌદ ગુણઠાણા પૈકી પહેલું મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન-ગુણઠાણું હોય છે.

(૭) પાંચે એકેન્દ્રિય સ્થાવર અસંજ્ઞી જીવોમાં ત્રણ વેદ પૈકી, માત્ર નપુંસક વેદ હોય છે.

(૮) પાંચે એકેન્દ્રિય સ્થાવર અસંજ્ઞી જીવોમાં મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન હોય છે.

(૯) પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયના જીવભેદમાં દ્રવ્ય અને ભાવથી, કૃષ્ણ-નીલ-કાપોત અને તેજો એ ચાર લેશ્યા હોય છે.

[ તેજોલેશ્યા વાળા દેવો બાદર પર્યાપ્ત પૃથ્વી, અપ્ ને પ્રત્યેક વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે. તે દેવો સ્વલેશ્યા સહિત પરભવમાં ઉત્પન્ન થાય છે, માટે એ બાદર પર્યાપ્ત

પૃથ્વી આદિક ત્રિકને અપર્યાપ્ત અવસ્થામાં દેવભવમની તેજોલેશ્યા અન્તર્મુહૂર્ત માત્ર હોય છે. ત્યાર પછી એ ત્રિકને નિજભવ સમ્બન્ધિ પ્રથમની ત્રણ લેશ્યા હોય છે. સૂક્ષ્મ એકેન્દ્રિય સ્થાવર અસંજ્ઞીઓને પણ પ્રથમની ત્રણ લેશ્યા હોય છે. ]

(૧૦) પાંચે એકેન્દ્રિય સ્થાવર અસંજ્ઞી જીવોમાં ભવ્યમાં ભવ્યત્વ અને અભવ્યમાં અભવ્યત્વ હોય છે.

(૧૧) પાંચે એકેન્દ્રિય સ્થાવર અસંજ્ઞી જીવોમાં સાસ્વાદન સમ્યક્ત્વ છે, છતાં પણ ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔપશમિક પૈકી એક પણ સમ્યક્ત્વ ન હોવાથી, એ ત્રણની અપેક્ષાએ એ એકેન્દ્રિય સ્થાવર અસંજ્ઞીઓ અસમ્યગ્ દૃષ્ટિ છે એમ સમજવું.

(૧૨) પાંચે એકેન્દ્રિ સ્થાવર જીવો અસંજ્ઞી હોય છે. તેઓને હેતુવાદ સંજ્ઞા, દીર્ઘકાલિકીસંજ્ઞા અને દ્રષ્ટિવાદસંજ્ઞા એ ત્રણમાંની એક પણ સંજ્ઞા નથી.

(૧૩) પાંચે એકેન્દ્રિય સ્થાવર સર્વ જીવો સદાકાળ આહારી છે.

(૧૪) પાંચે એકેન્દ્રિય સ્થાવરના જીવોમાં ઔદયિકભાવ, ક્ષયોપશમિકભાવ અને પારિણામિકભાવ એ ત્રણે ભાવો હોય છે.

(૧૫) પાંચે એકેન્દ્રિય જીવોના શરીરની સૂક્ષ્મતાની તરતમતા નીચે પ્રમાણે છે—

[૧] સર્વથી સૂક્ષ્મતમ એટલે નાનામાં નાનું શરીર–
–સૂક્ષ્મનિગોદ (સાધારણ વનસ્પતિ)નું હોય છે.

[૨] તેથી અસંખ્યાત ઘણું મોટું શરીર–સૂક્ષ્મવાયુકાયના જીવોનું હોય છે.

[૩] તેથી અસંખ્યાત ઘણું મોટું શરીર- સૂક્ષ્મ અગ્નિ-
કાયના જીવોનું હોય છે.
[૪] ,, ,, –સૂક્ષ્મ અપ્કાયના જીવોનું હોય છે.
[૫] ,, ,, -સૂક્ષ્મ પૃથ્વીકાયના જીવોનું હોય છે.
[૬] ,, ,, -બાદર વાયુકાયના જીવોનું હોય છે.
[૭] ,, ,, –બાદર અગ્નિકાયના જીવોનું હોય છે.
[૮] ,, ,, -બાદર અપ્કાયના જીવોનું હોય છે.
[૯] ,, ,, –બાદર પૃથ્વીકાયના જીવોનું હોય છે.
[૧૦],, ,, –બાદર નિગોદના જીવોનું હોય છે.

આમ હોવા છતાં દરેકનું ઓછામાં ઓછું અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું, અને મોટાથાં મોટું પણ અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું હોય છે.

સમજવાનું એ છે કે–અંગુલના અસંખ્યાતમા ભાગના પણ અસંખ્યાત ભેદ પડે છે. એને લઈને ન્યૂનાધિક અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું કહેલું છે.

(૧૬) આ લોકમાં અસંખ્ય ગોળા છે. એક એક ગોળોમાં અસંખ્ય નિગોદ શરીર હોય છે. એક એક નિગોદ શરીરમાં અનંત જીવો હોય છે. સૂક્ષ્મ વાલાગ્રના [એક અંક ઉપર અસંખ્ય નિગોદ શરીરના ગોળાકારે બનેલ ગોળા હોય છે.

સાધારણ વનસ્પતિકાયના જીવો એક શરીર બાંધીને એકી સાથે અનંતા ઉત્પન્ન થાય છે. તેઓ આહાર અને શ્વાસોચ્છ્વાસ એકી સાથે લે છે. કારણ કે–તે અનંત જીવોને એક જ શરીર હોય છે, કિન્તુ પૃથગ્ પૃથગ્ (પ્રત્યેક-વિશેષ)

શરીર હોતું નથી. તેને લઇને જ તેઓ સાધારણ (એટલે ઘણા જીવોનું એક શરીર) કહેવાય છે. તેનું બીજું નામ અનંતકાય, નિગોદ છે. આથી જ તે શરીર સર્વનું અને સર્વ પૈકી એક એકનું પણ ગણાય છે. પ્રત્યેક વનસ્પતિકાય તો કેવલ બાદર જ હોય છે. સાધારણ વનસ્પતિકાય સૂક્ષ્મ અને બાદર એમ બન્નેય પ્રકારે હોય છે.

(૧૭) અનાદિ અસાંખ્યા વહારિક રાશિમાંથી નીકળેલો જીવ સૂક્ષ્મ પૃથ્વીકાયિકાદિક થાય છે. તેમાંથી બાદર નિગોદ (એટલે બાદર સાધારણ વનસ્પતિકાય) અને બાદર પૃથ્વી-કાયાદિક થાય છ.

આ રીતે આગળ વધતાં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય વિગેરે થઇને, મનુષ્ય બની, ગુણસ્થાનકે ચડી, દીક્ષા લઈ, સકલકર્મનો ક્ષય કરી ઠેઠ મોક્ષસ્થાને પહોંચી જાય છે. વચ્ચે વચ્ચે તે જીવ જો પીછેહઠ કરી નીચે ઉતરી પડે તો સૂક્ષ્મ નિગોદ સુધી પણ પાછો પહોચી જાય છે.

## ઉપસંહાર

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચેમાં પણ જીવ છે એમ સો કોઇને કબુલ કર્યા સિવાય હવે ચાલી શકશે નહિં. ઉક્ત એ લેખમાં શાસ્ત્ર અને યુક્તિદ્વારા એ પાંચે એકેન્દ્રિય સ્થાવરમાં જીવની સિદ્ધિ સાબિતી સિદ્ધ કરી છે વાંચક વર્ગ જોઈ-વાંચીને તેની હિંસાથી બચવાનો અહર્નિશ અવશ્ય પ્રયત્ન કરશે અને તેઓને અભય દાન દેશે એમ હું ઈચ્છું છું.

હે માનવ ! તું પંચેન્દ્રિયપણું પામ્યો છો. ત્યારે સાંભળવાના કાન છે, જોવાની આંખ છે, સુંઘવાનું નાક છે, બોલવાની જીભ છે અને સ્પર્શ કરવાની સ્પર્શેન્દ્રિય-ચામડી છે. એ પાંચે સ્થાવરમાંથી કોઇને નથી સાંભળવાના કાન, નથી જોવાની આંખ, નથી સુંઘવાનું નાક કે નથી બોલવાની જીભ. માત્ર એક જ સ્પર્શેન્દ્રિય-ચામડી જ છે. વળી ત્હારે વિચારવાનું મન છે, પણ એ પાંચે સ્થાવરમાંથી કોઇને વિચારવાનું મન પણ નથી.

વળી તું સ્વેચ્છાએ સ્વતંત્ર ગમનાગમન કરી શકે છે ત્યારે એ પાંચે સ્થાવરના જીવો સ્વયમેવ ગમનાગમન કરી શકતા નથી.

વળી તું ત્હારા શત્રુની સામે સામનો કરી શકે છે ત્યારે એ પાંચે સ્થાવરમાંથી કોઈ પણ પોતાના શત્રુની સામે સામનો કરી શકતા નથી. પડતા દુઃખોને સહન કરે છે અને પોતાના પ્રાણની આહુતિ પણ આપે છે. જીવતા જીવોને સુખદુઃખ થાય છે એ સો કોઇ કબુલ કરે છે. એ પાંચે એકેન્દ્રિય સ્થાવર પણ જ્યાં સુધી સચેતન-સજીવન છે ત્યાં સુધી તેને પણ સુખ-દુઃખનો અનુભવ થાય છે.

પ્રત્યેક પ્રાણીનું જીવન એવું હોવું જોઇએ કે-જેને લઇને કોઇની પણ સાથે વૈરભાવ ન વધે. કોઇને કે પોતાને પણ દુઃખ ન થાય. તથા કોઇની પણ હિંસા ન થાય, એ રીતે વર્તવું જોઇએ અને સંયમ પૂર્વક રહેવું જોઇએ.

આ વિશ્વમાં દુઃખના અનેક કારણો પૈકી મુખ્ય કારણ કોઈ પણ જો હોય તો તે હિંસા જ છે. સર્વ દુઃખનું મૂળ પણ તે હિંસા જ છે.

એ હિંસાથી જ જીવનું અધઃપતન છે. નરકના ઘોર દુઃખો

એ હિંસાના પ્રતાપે જ નરકમાં જીવને સહન કરવાં પડે છે.

માટે જ 'अहिंसा धर्मस्य जननी' અહિંસા ધર્મની માતા છે અને 'अहिंसा-लक्खणो धम्मो' અહિંસા ધર્મનું લક્ષણ છે, એમ સમજી સર્વ જીવોની હિંસાથી બચો. બચવા પ્રયત્ન કરો. તથા હિંસાજન્ય સર્વ કાર્યોમાં જયણા અને ઉપયોગ રાખો.

આ લેખના આલેખનમાં છદ્મસ્થપણાને લઇને મતિદોષથી જે કાંઇ ભૂલ થયેલ હોય, તેનો મિચ્છામિ દુક્કડં આપતો વિરમું છું.

卐

॥ शुभं भवतु, श्री रस्तु ॥

卐

શ્રી વીર સં. ૨૪૯૧, વિક્રમ સં. ૨૦૨૧ કાર્તિક શુદ ૧ ગુરુવાર. [અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી ગણધર ભગવંતને થયેલ કેવળજ્ઞાનનો, શાસનસમ્રાટ્-જગદ્ગુરુ શ્રીમદ્ વિજય-નેમિસુરીશ્વરજી મ૦શ્રીના થયેલા જન્મનો માંગલિક દિવસ]

**નૂતનવર્ષના પ્રારંભનો પ્રથમ દિવસ.**

સ્થળ—

**શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ન્યાતી નહોરા, જૈન ઉપાશ્રય,**

**સાદડી [શ્રી રાણકપુરજી મહાતીર્થ સમીપવર્તી]**

**રાજસ્થાન–મારવાડ.**